તેજી હોય કે પછી મંદી

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સામાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલા મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Saturday
27.04.2024
Year 12, Issue 108

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૦૮ ● તા.૨૭.૦૪.૨૦૨૪ ● શનિવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 108 ● Date : 27.04.2024 ● Saturday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

મતદાન ઈવીએમ મશીનથી જ થશે : ઈવીએમ-VVPAT નું ૨૦૦ ટકા મેચ કરવામાં આવશે નહીં

VVPAT વેરિફિકેશન અંગેની તમામ અરજીઓ સુપ્રીમ કોર્ટે ફગાવી

કોર્ટનો નિર્દેશ છે કે ચૂંટણી બાદ સિંબલ લોડિંગ યુનિટ્સને પણ સીલ કરવામાં આવે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૬

સુપ્રીમ કોર્ટે **VVPAT** વેરિફિકેશનની માંગણી અંગેની તમામ અરજીઓ આજે ફગાવી દીધી છે. બેલેટ પેપરની માંગણી અંગેની અરજી પણ ફગાવવામાં આવી છે. કોર્ટના આ ચુકાદાથી ઈવીએમ દ્વારા પડેલા મતની **VVPAT** ની સ્લિપ સાથે ૧૦૦ ટકા મેળવવાની માંગણીને ઝટકો લાગ્યો છે. આ ચુકાદો જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે સહમતિથી આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કરી દીધુ છે કે મતદાન ઈવીએમ મશીનથી જ થશે. ઈવીએમ-**VVPAT** નું ૨૦૦ટકા મેચ કરવામાં આવશે નહીં. ૪૫ દિવસ સુધી **VVPAT** ની સ્લિપ્સ સુરક્ષિત રહેશે. એટલે કે ૪૫ દિવસ સુધી ડેટા સુરક્ષિત રહેશે. આ સ્લિપ્સ ઉમેદવારોના હસ્તાક્ષર સાથે સુરક્ષિત રહેશે. કોર્ટનો નિર્દેશ છે કે ચૂંટણી બાદ સિંબલ લોડિંગ યુનિટ્સને પણ સીલ કરવામાં આવે. એ

પણ નિર્દેશ અપાયો છે કે ઉમેદવારો પાસે પરિણામોની જાહેરાત બાદ ટેક્નિકલ ટીમ દ્વારા ઈવીએમના માઈક્રો કન્ટ્રોલર પ્રોગ્રામની તપાસ કરાવવાનો વિકલ્પ રહેશે જેને ચૂંટણી જાહેરાતના સાત દિવસની અંદર કરી શકાશે.

આ ચુકાદો આપતા જસ્ટિસ ખન્નાએ કહ્યું કે વીવીપેટ વેરિફિકેશનનો ખર્ચો ઉમેદવારોએ પોતે જ ઉઠાવવો પડશે. જો કોઈ સ્થિતિમાં ઈવીએમ સાથે છેડછાડ થઈ કે ઈવીએમને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચ્યું તો તેનો દંડ પણ ભરવો પડશે. આ દરમિયાન જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે કોઈ સિસ્ટમ પર આંખ મીંચીને અવિશ્વાસ કરવાથી શંકા જ પેદા થાય છે. લોકતંત્રનો અર્થ જ વિશ્વાસ અને સૌહાર્દ બનાવવાનો છે.

અત્રે જણાવવાનું કે માર્ચ ૨૦૨૩માં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ **(ADR)** એ ૧૦૦ટકા ઈવીએમ મતો અને વીવીપેટની સ્લિપ્સને મેચ કરવાની માંગણીને લઈને અરજી દાખલ કરી હતી. જેના પર સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ચુકાદો આપ્યો. હાલના સમયમાં વીવીપેટ વેરિફિકેશન હેઠળ લોકસભાક્ષેત્રની દરેક વિધાનસભા ક્ષેત્રના ફક્ત પાંચ મતદાન કેન્દ્રોના ઈવીએમ મતો અને વીવીપેટ સ્લિપ્સને મેચ કરાય છે.

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ **(BEL)** અને ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ **(ECIL)** એ ૨૦૧૩માં **VVPAT** એટલે કે વોટર વેરિફાએબલ પેપર ઓડિટ ટ્રેલ મશીનો ડિઝાઈન કરી હતી. આ બંને એ જ સરકારી કંપનીઓ છે જે ઈફ્ર્અેટલે કે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો બનાવે છે. **VVPAT** મશીનોનો સૌથી પહેલો ઉપયોગ ૨૦૧૩ની નાગાલેન્ડ વિધાનસભા ચૂંટણી દરમિયાન થયો હતો. ત્યારબાદ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કેટલીક સીટો પર આ મશીનો લગાવવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૧૭ની ગોવા વિધાનસભા ચૂંટણીમાં પણ તેનો ઉપયોગ થયો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પહેલીવાર **VVPAT** મશીનોનો ઉપયોગ આખા દેશમાં થયો હતો. તે ચૂંટણીમાં ૧૭.૩ લાખથી વધુ **VVPAT** મશીનોનો ઉપયોગ થયો હતો.

મતદાનની પ્રક્રિયામાં પાદર્શકતા લાવવા માટે **VVPAT** ને લાવવામાં આવ્યું હતું. આ મશીન ઈવીએમ સાથે કનેક્ટેડ રહે છે. જેવો મતદાર મત નાખે છે ત્યારે જ એક સ્લિપ નીકળે છે. આ સ્લિપમાં તે ઉમેદવારનું નામ અને ચૂંટણી ચિન્હ હોય છે જેને તેણે મત આપ્યો હોય છે. **VVPA** ની સ્ક્રીન પર આ સ્લિપ ૭ સેકન્ડ જોવા મળે છે. આવું એટલા માટે કારણ કે મતદાર જોઈ શકે કે તેણે યોગ્ય ઉમેદવારને મત આપ્યો છે કે નહીં. ૭ સેકન્ડ બાદ આ સ્લિપ **VVPAT** ના ડ્રોપ બોક્સમાં પડી જાય છે.

બજારની વાત

તા.૨૬.૦૪.૨૦૨૪

ઈન્ડેક્ષ

સેન્સેક્ષ
૭૩૭૩૦.૧૬ -૬૦૯.૨૮
-૦.૮૨ %

નિફ્ટી
૨૨૪૧૯.૯૫ -૧૫૦.૪૦
-૦.૬૭ %

કોમોડીટી

ક્રુડ
૭,૦૦૪.૦૦ ૯૩.૦૦
૧.૩૫ %

સોનું
૭૧,૪૪૭.૦૦ ૨૩૩.૦૦
૦.૩૩%

ચાંદી
૮૦,૬૩૪.૦૦ -૫૦.૦૦
-૦.૦૬ %

નેચરલ ગેસ
૧૬૧.૧૦ -૪.૨૦ -૨.૫૪ %

ચલણી નાણું

ડોલર / રૂપિયો
૮૩.૩૪૭૫ ૦.૦૨ ૦.૦૩ %

એક ગામમાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. વરરાજા ઢોલ સાથે જાન લઈને વરરાજા કન્યાના દરવાજે પહોંચ્યો હતો. વરઘોડાનું પણ કન્યા પક્ષના લોકો દ્વારા જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. લગ્નના મહેમાનોએ ડીજેના તાલે ડાન્સ કર્યો હતો. જયમાલા સમારોહ પછી ફેરાનો વારો આવ્યો અને વર સાથે ચોથો ફેરો લેતી વખતે કન્યાએ અચાનક લગ્ન કરવાની ના પાડી દીધી હતી. બંને પક્ષના લોકોએ દુલ્હનને ઘણું સમજાવ્યું પણ તે ટસથી મસ થઈ નહીં. થાકેલા અને હારેલા, વરરાજા કન્યા વિના જાન લગ્ન મંડપથી પાછી ફેરવવામાં મજબૂર બન્યા હતા. મળતી માહિતી મુજબ, ચૌબેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતા એક પરિવારે તેમની પુત્રીના લગ્ન રૂરા ગામમાં નક્કી કર્યા હતા. લગ્ન ૨૩ એપ્રિલ મંગળવારના રોજ હતા. વરરાજા ઢોલ સાથે જાન લઈને વરરાજા કન્યાના દરવાજે પહોંચ્યો હતો.

યુવતીના પરિવારે લગ્નમાં આવેલા તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ જયમાલા વિધિ કરવામાં આવી હતી જ્યાં વર-કન્યાએ એકબીજાને માળા પહેરાવી હતી. બધું બરાબર ચાલી રહ્યું હતું. આ દરમિયાન ફેરા શરૂ થયા હતા. ત્રણ ફેરા પછી દુલ્હન અચાનક પરેશાન થઈ ગઈ, તેણે ગાંઠ ખોલી અને કહ્યું કે, તે હવે લગ્ન નહીં કરે. દુલ્હનના મોઢેથી આ શબ્દો સાંભળીને બંને પક્ષો ચોંકી ઉઠ્યા હતા. બંને પક્ષોએ કન્યાને સમજાવવાની કોશિશ કરી, પરંતુ તે રાજી ન થઈ અને લગ્ન ન કરવા પર અડગ રહી હતી. કેટલાક લોકોએ પોલીસને જાણ કરી હતી. દુલ્હને ત્યાં હાજર લોકોની સામે ચોંકાવનારો ખુલાસો કરતા કહ્યું કે 'મેં વરને પહેલેથી જ ફોન પર કહ્યું હતું કે જાન ન લાવો.' બંને પક્ષો વચ્ચે સમાધાન માટે વાતચીત શરૂ થઈ અને નક્કી થયું કે તેઓ આપેલી ભેટ પરત કરશે.

મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરાયો હતો

માનવાધિકારના ઉલ્લંઘના અંગેના અમેરિકાના રિપોર્ટને ભારતે ફગાવ્યો

એજન્સી દ્વારા

વોશિંગ્ટન, તા. ૨૬

ભારતે માનવાધિકાર ઉલ્લંઘન અંગે અમેરિકા દ્વારા જારી કરાયેલા અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. જેમાં અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારતે ૮૦ પાનાના આ રિપોર્ટને ખોટો અને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે (૨૫ એપ્રિલ) કહ્યું કે રિપોર્ટ દર્શાવે છે કે ભારતને લઈને અમેરિકાની સમજ યોગ્ય નથી.

સાપ્તાહિક બ્રીફિંગમાં યુએસ રિપોર્ટ પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે આ રિપોર્ટને કોઈ મહત્વ આપતા નથી અને તમારે પણ તે જ કરવું જોઈએ. અમેરિકાએ રિપોર્ટમાં ભારતના ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. આ રિપોર્ટમાં ચીન, બ્રાઝિલ, બેલારુસ, મ્યાનમારની સાથે ભારતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમેરિકાએ ભારત પરના રિપોર્ટને ૬ ભાગમાં વહેંચયો છે. જેમાં ભારતે દાવો કર્યો હતો કે મણિપુરમાં મીતાઈ અને કુકી સમુદાયોમાં જાતિય હિંસા ફેલાયા બાદ માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે. ૩ મે અને ૧૫ નવેમ્બરની વચ્ચે ઓછામાં ઓછા ૧૭૫ લોકો માર્યા ગયા અને ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ભારતમાં સરમુખત્યારશાહી વધી છે.

અમેરિકાના માનવાધિકાર રિપોર્ટમાં ભારતમાં રહેતા મુસ્લિમોને લઈને પણ ઘણા દાવા કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ભાજપ સરકાર ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ કરી રહી છે. ભારતમાં પણ લઘુમતીઓ પર હુમલા વધ્યા છે. રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે મોદી સરકાર પત્રકારોને ચૂપ કરવાનો અને તેમને જેલમાં મોકલવાનો પ્રયાસ કરી રહી છે. આ સિવાય જમ્મુ-કાશ્મીરના લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનું પણ કહેવામાં આવ્યું છે. લોકોને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવા દેવામાં આવતા નથી.

રિપોર્ટમાં ગૈર કાનૂની હત્યાઓ, ટારગેટ કિલિંગનો પણ ભારત પર આરોપ છે. આ સાથે ૩૧ જુલાઈના રોજ ટ્રેનમાં એક શખ્સને ટ્રેનમાં ગોળી મારી ૩ લોકોને હત્યા કરવામાં આવી હોવા બાબતનો પણ સમાવેશ કર્યો છે. આ ઉપરાંત દેશમાં હાલમાં શાસન કરી રહેલ ભાજપ પાર્ટી અદાવત રાખતા મ્ઝના દિલ્હી અને મુંબઈની ઓફિસમાં દરોડો પાડ્યા હોવાનો પણ ઉલ્લેખ છે. ખાસ કરીને આ રીપોર્ટમાં વિપક્ષ પર કરાતી કાર્યવાહી એટલે રાહુલ ગાંધીના સાંસદ સભ્યપદ બાબતના વિવાદની પણ નોંધ લીધી છે.

ગુજરાતના ડુંગળી પકવતા ખેડૂતોને લાભ મળતાં ગુસ્સે ભરાયા મહારાષ્ટ્રના ખેડૂતો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૬

ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે એક એવો નિર્ણય લીધો, જેનાથી ગુજરાતના ખેડૂતોને સીધો ફાયદો થઈ રહ્યો છે. આ ફાયદો થતા મહારાષ્ટ્રના ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે. એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે. તેનો ફાયદો મુખ્ય રીતે ગુજરાતના ખેડૂતોને મળશે. કારણ કે, ગુજરાતમાં સફેદ ડુંગળીની ખેતી વધારે થાય છે. લોકસભા ચૂંટણી વચ્ચે લેવાયેલા આ નિર્ણય અંગે કેટલાક ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે. તેઓએ વિરોધ દર્શાવ્યો કે, ગુજરાતના ખેડૂતોને જ ખુશ કરવાનો પ્રયાસ સરકાર દ્વારા કરાઈ રહ્યો છે.

ડાયરેક્ટર જનરલ ઓફ ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિસમાં જણાવાયું કે, સફેદ ડુંગળીના નિકાસની પરમિશન માત્ર ત્યારે જ આપવામાં આવશે, જ્યારે ગુજરાતના બાગાયતી આયુક્ત નિકાસ કરવામાં આવતી વસ્તુ અને માત્રાને પ્રમાણિત કરાશે. તેથી મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓએ વિરોધ દર્શાવતા કહ્યું કે, માત્ર ગુજરાતના જ ખેડૂતોને ફાયદો અપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સફેદ ડુંગળીની એક્સપોર્ટ કરવાના નોટિફિકેશમાં એવી કોઈ શરત રાખવામાં આવી નથી કે, તેનું નિકાસ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટર્સ લિમિટેડ જ કરશે. પરંતુ તેમાં માત્ર એટલુ ઉલ્લેખ કરાયું છે કે, મુન્દ્રા અને પીપાવાવના ગુજરાતના પોર્ટ કે મુંબઈના ન્હાવા શેવા પોર્ટના માધ્યમથી કરવામાં આવવુ જોઈએ. આ વિશે મહારાષ્ટ્ર ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દિઘોલેએ જણાવ્યું કે, ચૂંટણીમાં ગુજરાતના ભાજપના નેતા પોતાના ખેડૂતોને ફાયદો અપાવવા માટે આ પ્રકારના નિર્ણયો લઈ રહ્યાં છે. જ્યારે કે, મહારાષ્ટ્રના નેતા કેન્દ્ર સરકારની સામે નતમસ્તક છે. ભલે ખેડૂતોને નુકસાન કેમ ભોગવવું ન પડે. મહારાષ્ટ્ર ડુંગળીનં સૌથી મોટુ ઉત્પાદન કેન્દ્ર છે અને હાલ ડુંગળીનું એક્સપોર્ટ બંધ હોવાને કારણે દરેક ખેડૂતને લાખોનું નુકસાન થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓ ૨૦૦૦ ટન સફેદ ડુંગળીની નિકાસને ચૂંટણીલક્ષી જાહેરાત તરીકે જોડી રહ્યાં છે. કારણ કે ગુજરાત દેશમાં સફેદ ડુંગળીનું મુખ્ય ઉત્પાદક અને નિકાસકાર છે. ભાવનગર અને અમરેલી જેવા જિલ્લાઓમાં સફેદ ડુંગળીનું સારું ઉત્પાદન છે.

પૂછપરછમાં આરોપીનો ચોંકાવનારો ખુલાસો

મહાદેવ એપ કેસમાં ભારતના હેડ સહિત બેની ધરપકડ કરાઈ

એજન્સી દ્વારા

લખનૌ, તા. ૨૬

ઉત્તર પ્રદેશ **STF**એ મહાદેવ ગેમિંગ એપ અને અન્ય બેટિંગ એપ દ્વારા અબજો રૂપિયાની છેતરપિંડી કરનારા ગેંગના બે આરોપીઓની લખનઉથી ધરપકડ કરી છે. આ સાથે આરોપીઓની પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. બંને આરોપીનું નામ અભય સિંહ અને સંજીવ સિંહ છે.પકડાયેલો આરોપી અભય ભારતમાં આવેલી મહાદેવ બુક ગેમિંગ કંપનીની ઓફિસનો હેડ છે. જ્યારે સંજીવ તેનો પિતરાઈ ભાઈ છે. સંજીવ દુબઈથી એપનું નેટવર્ક ચલાવતો હતો. આરોપીઓ વોટ્સએપ અને ટેલીગ્રામનો ઉપયોગ કરવા કોર્પોરેટ સિમકાર્ડને પોર્ટ કરાવી દુબઈ મોકલતા હતા. આ ઉપરાંત આ સિમકાર્ડ માટે તેઓ નકલી દસ્તાવેજો ઉપયોગ કરતા હોવાનો પણ ખુલાસો થયો છે. અભયે પૂછપરછમાં કહ્યું કે, 'મારી માસીનો દિકરો અભિષેક સિંહ દુબઈમાં રહે છે. તેણે જ મને ફોન કરીને કહ્યું કે, તારે તારા વિસ્તારના ગરીબ અને અભણ લોકોના નામે સીમકાર્ડ ખરીદવાના છે અને તેના બદલે તને ૨૫,૦૦૦ પગાર મળશે. આ ઉપરાંત પ્રતિ સિમકાર્ડ દીઠ રૂપિયા ૫૦૦ પણ મળશે. તારે સિમકાર્ડને અન્ય કંપનીમાં પોર્ટ કરવાના છે.'

તેણે કહ્યું કે, 'અભિષેક સાથે વાત થયા બાદ મેં મારા ગામની આસપાસના લોકોના નામ પર સિમકાર્ડ પોર્ટ કરવાનું કામ શરૂ કર્યું હતું. હું દરેક સિમકાર્ડનો યુપીસી કોડ ચેતન જોશીને આપતો હતો. ચેતન અભિષેક સાથે કામ કરતો અને છત્તીસગઢના ભિલાઈનો હતો. હું લગભગ એક મહિનામાં ૩૦થી ૩૫ સિમકાર્ડ એક્ટિવ કરાવી દેતો હતો.'

આરોપી અભયે કહ્યું કે, 'જાન્યુઆરી-૨૦૨૩માં મારી સેલેરી ૨૫૦૦૦થી વધારી ૭૫૦૦૦ કરાઈ હતી અને મને કોર્પોરેટ સિમકાર્ડ (પોસ્ટપેડ સિમ)નું પણ કામ સોંપાયું હતું. મેં આ સિમકાર્ડના દ્ધરૂઝ માટે નકલી દસ્તાવેજો બનાવ્યા હતા અને પછી નકલી કંપની રજિસ્ટર્ડ કરવાનું કામ શરૂ કર્યું હતું. આ માટે હું અને ચેતન કેટલીક કંપનીના ડોક્યુમેન્ટ અને નકલી આધાર કાર્ડનો પણ ઉપયોગ કરતા હતા. આ સિમકાર્ડ એક્ટિવ થયા બાદ અને સિમ દીઠ ૨૦૦૦ રૂપિયા મળતા હતા. આ તમામ કામનું સુપરવિઝન પિન્ટુ નામનો વ્યક્તિ હતો. અમે મહિનામાં લગભગ ૧૫૦થી ૨૦૦ સીમકાર્ડ એક્ટિવ કરાવી દુબઈ મોકલતા હતા.'

ઉલ્લેખનિય છે કે, વિવિધ એજન્સીઓ દ્વારા મહાદેવ બેટિંગ એપ કેસમાં થયેલા કૌભાંડની તપાસ ચાલી રહી છે. આરોપીઓની કંપનીમાં કામ કરવા માટે લગભગ ૧૦થી ૧૨ હજાર કર્મચારીઓ ભારતથી દુબઈ ગયા છે.

આતંકવાદીઓને લઈને સર્ચ ઓપરેશન ચાલુ

કાશ્મીરમાં સુરક્ષાકર્મીઓ બે આતંકવાદીઓ ઠાર કર્યા

એજન્સી દ્વારા

શ્રીનગર,તા. ૨૬

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓને ખતમ કરવામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. એક્રાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે.

સુરક્ષા દળોને સોપોરમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી આતંકવાદીને પકડવા માટે ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓ તરફથી ગોળીબાર શરૂ થયો હતો. સુરક્ષા દળોએ પણ સામે ગોળીબાર શરૂ કર્યો હતો. એક્રાઉન્ટરમાં આતંકવાદીઓના મોતની પુષ્ટિ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, બારામુલ્લા જિલ્લાના સોપોર વિસ્તારના ચેક મોહલ્લા નોપોરામાં સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓની શોધમાં સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોએ સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ અથડામણમાં એક નાગરિક અને બે સૈનિકો પણ ઘાયલ થયા છે. એક્રાઉન્ટરને ધ્યાનમાં રાખીને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે.

સુરક્ષા દળોને સોપોર વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની ગુપ્ત માહિતી મળી હતી. આ પછી સશસ્ત્ર દળો અને સ્થાનિક પોલીસની સંયુક્ત ટીમે આતંકવાદીઓને શોધવાનું શરૂ કર્યું. સોપોર અને આસપાસના વિસ્તારોમાં બાતમીદારોને સક્રિય કરવામાં આવ્યા હતા. સાંજે ૭ વાગ્યાની આસપાસ, જ્યારે સુરક્ષા દળો ચક વિસ્તારમાં શોધખોળ દરમિયાન આગળ વધી રહ્યા હતા, ત્યારે મસ્જિદથી થોડે દૂર સ્થિત એક મકાનમાં છુપાયેલા આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર કરીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જેના પર સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી અને બે આતંકીઓને ઠાર કર્યા.

ઓવૈસીએ મુખ્તાર અંસારીને શહીદનો દરજ્જો આપ્યો

એજન્સી દ્વારા

વારાણસી, તા. ૨૬

વારાણસીમાં પહેલી વખત ત્રીજા મોર્ચા તરીકે બનેલી **PDM** એટલે પછાત, દલિત અને મુસ્લિમની જનસભા શહેરના નાટી ઈમલીની બુનકર કોલોનીના મેદાનમાં યોજાઈ. આ જનસભાને સંબોધિત કરતા **AIMIM** ચીફ અસદુદ્દીન ઓવૈસીએ ભાજપની સાથે વિપક્ષના નેતાઓ પર પણ નિશાન સાધ્યું. સાથે જ તેમણે માફિયા મુખ્તાર અંસારીનો પણ ઉલ્લેખ કર્યો. ઓવૈસીએ મુખ્તાર અંસારીને શહીદનો દરજ્જો આપ્યો. એટલુ જ નહીં તેમણે મંચ પરથી અતીક અહેમદની હત્યા પર પણ પ્રશ્નો ઊભા કર્યાં. આ દરમિયાન જનસભામાં હજારોની સંખ્યામાં લોકો હાજર હતાં.

પોતાના ભાષણની શરૂઆતમાં **AIMIM** ચીફે કહ્યું કે આ બનારસ મોદીનું નહીં ઉસ્તાદ બિસ્મિલ્લાહ અને તુલસીદાસ અને ગંગા જમુનાની તહજીબનું છે. **PDM** ન્યાય માટે બનાવવામાં આવી છે. ઉત્તર પ્રદેશના રાજકારણમાં પછાત સમાજ માટે એક વિકલ્પ માટે બનાવવામાં આવ્યું છે. અમે ૫૦ વર્ષથી વોટ આપનાર બન્યા, પરંતુ હવે અમે વોટ લેનાર બનીશું. સંઘ, ભાજપ, સમાજવાદી પાર્ટી કે અન્ય પાર્ટીઓ માત્ર ન્યાયની વાતો કરે છે પરંતુ હકીકતમાં તેનો અમલ કરતી નથી.

ઓવૈસીએ અખિલેશ યાદવ પર નિશાન સાધતા કહ્યું કે જે (મુસ્લિમ) સપા માટે જીવ આપી રહ્યાં છે તેના જ પગમાં ગોળીઓ (એક્રાઉન્ટર) મારવામાં આવી રહી છે. અમારા જ ઘરને બુલડોઝરથી તોડવામાં આવી રહ્યું છે. પૂર્વ સાંસદ (અતીક) જે ૧૦ સુરક્ષા કર્મચારીઓની સાથે ચાલી રહ્યા છે તેને કોઈ પણ નજીકથી ગોળી મારી દે છે પરંતુ આ બધા વિશે અખિલેશ એક શબ્દ નથી કહેતા. સમાજવાદી પાર્ટીએ ઈચ્છે છે કે તમે ભૈયા માટે જીવ કુરબાન કરો. દરી પાથરો. એક સમય એવો આવશે જ્યારે અખિલેશ યાદવ પોતે દરી પાથરશે અને તમારા માટે જીવ પણ આપશેઓવૈસીએ કહ્યું, મુખ્તારનું નામ લઈને કહી રહ્યો છુ હુ કોઈના બાપથી ડરવાનો નથી. મુખ્તાર અંસારી એક માણસ હતો, જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો, તેને ઝેર આપીને મારી દેવાયો. તે શહીદ છે અને શહીદો વિશે કહેવામાં આવ્યુ છે કે શહીદોને મૃત ક્યારેય ન કહેવા તે જીવિત છે પરંતુ તેને બચાવવાની જવાબદારી ભાજપ સરકારની હતી અને તેમાં તે નિષ્ફળ સાબિત થઈ છે.

ઉલ્લેખનીય છે મુખ્તારનો વિસરા રિપોર્ટ આવ્યો હતો તેમાં ઝેર આપવાની પુષ્ટિ થઈ નહોતી પરંતુ આ રિપોર્ટ પર મુખ્તારના ભાઈ અફજાલ અંસારીએ પણ પ્રશ્ન ઊભા કર્યાં. ડોક્ટરના જણાવ્યા અનુસાર મુખ્તારના મોતનું કારણ હાર્ટ એટેક છે. ઓવૈસીએ કહ્યું, આ લોકસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે મળીને એલાયન્સ કર્યું છે.

નિર્મલા મોદ્રો

તંત્રીની કલમે....

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સેમ પિત્રોડાએ ફરી એક વખત કોંગ્રેસ માટે સંકટ પેદા કરવાનું કામ કર્યું. તેમણે અમેરિકામાં વારસાઈ ટેક્સનો હવાલો આપતાં એમ કહ્યું કે ભારતમાં એવું નથી અને આપણે તેના પર ચર્ચા કરવી જોઈએ. તેમના આ કથને એટલા માટે ચર્ચા જગાવી, કારણકે કોંગ્રેસે પોતાના ઘોષણા પત્રમાં લોકોની સંપત્તિના સર્વેનો વાયદો કર્યો છે. તેની વ્યાખ્યા ભાજપ પહેલેથી જ એ રૂપે કરી રહી છે કે કોંગ્રેસ લોકોની સંપત્તિનું આકલન કરીને સંપન્ન-સક્ષમ લોકોની સંપદાનો એ હિસ્સો લઈ લેવાનો ઈરાદો ધરાવે છે. સેમ પિત્રોડાનું નિવેદન પણ આવો જ સંકેત આપી રહ્યું છે, તેથી ભાજપે નવેસરથી તેમના નિવેદનને મુદ્દો બનાવી દીધો. વડાપ્રધાને તો તેમને નિશાના પર લીધા જ, ગૃહમંત્રી અમિત શાહે પણ કહી દીધું કે જો કોંગ્રેસ એવું કશું કરવાનું નથી વિચારી રહી, જેવું સેમ પિત્રોડા કહી રહ્યા છે, તો પછી તે પોતાના ચૂંટણી ઢંઢેરામાંથી સંપત્તિના સર્વેક્ષણવાળી વાત હટાવી દે. પહેલાં સેમ પિત્રોડાએ પોતાના નિવેદન પર એ સફાઈ આપી કે તેમના કહેવાનો એ મતલબ નહતો, જેવો કાઢવામાં આવ્યો, પછી કોંગ્રેસે ખુદને પિત્રોડાના નિવેદનથી અલગ કરી દીધી. હેવું મુશ્કેલ છે કે આ બધાથી તેનું સંકટ ઓછું થશે, કારણ કે સેમ પિત્રોડા માત્ર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ જ નહીં, પરંતુ રાહુલ ગાંધીના અંગત સલાહકાર પણ છે. આવું પહેલી વાર નથી કે જ્યારે સેમ પિત્રોડાના કોઈ નિવેદનથી કોંગ્રેસે બચાવમુદ્રામાં આવી જવું પડ્યું હોય અથવા તેમના કથનને તેમનો અંગત અભિપ્રાય ગણાવવો પડ્યો હોય. આના પહેલાં તેમણે ૧૯૮૪ના શીખ નરસંહારને લઈને 'થયું તો થયું...' કહીને કોંગ્રેસને બેકફૂટ પર લાવી દીધી હતી. તેમના કેટલાક અન્ય નિવેદનો પણ વિવાદનો વિષય બન્યા છે. જ્યારે ચૂંટણીઓ સમયે નાની-નાની વાતોને ચગાવવામાં આવે છે કે પછી તેની મનમાફક વ્યાખ્યા કરવામાં આવે છે ત્યારે નેતાઓએ સંભાળીને બોલવું જોઇએ. નિઃસંદેહ સેમ પિત્રોડા અમેરિકાનું ઉદાહરણ આપીને એના પર ભારતમાં ચર્ચાની જરૂરિયાત જણાવતા હતા, પરંતુ તેમણે ખોટા સમયે આવું ઉદાહરણ નહોતું આપવું, જે તથ્યાત્મક રૂપે સાચું ન હોય અને જેનાથી વિવાદ પેદા થવાની પૂરેપૂરી આશંકા હોય. એ તો કોંગ્રેસ જ જાણે કે સંપત્તિના સર્વે દ્વારા તે શું હાંસલ કરવા માગે છે, પરંતુ એનો ઈનકાર નહીં કે દેશમાં આર્થિક અસમાનતા દૂર કરવાની જરૂરિયાત છે. પરંતુ આ જરૂરિયાતની પૂર્તિ ડાબેરી માનસિકતાવાળી રીતભાત કે માર્ક્સવાદી નીતિઓથી ન કરી શકાય, જે સમાજમાં વિભાજન પેદા કરે. જે પણ ગરીબ-વંચિત છે અથવા સામાજિક-આર્થિક રૂપે પછાત રહી ગયા છે, તેમના ઉત્થાનની ચિંતા તો કરવી જ જોઇએ, પરંતુ એ તેમની જાતિ કે મજહબ જોયા વગર થવું જોઇએ.

એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૧૧૯ની વૃદ્ધિઃ નેચરલ ગેસ, કોટન-ખાંડીમાં નરમાઈનો માહોલ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૨,૨૪૬.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૭૧૬.૪૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૧૫૨૦.૯૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૨૧૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૭૫૦ અને નીચામાં રૂ.૭૧,૨૧૨ ના મથાળે અથડાઈ, રૂ.૩૬૮ વધી રૂ.૭૧,૫૮૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૫૦૦ ઘટી રૂ.૫૭,૨૦૦ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૨ વધી રૂ.૭,૦૭૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૭ વધી રૂ.૭૨,૧૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૦,૮૧૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૧,૪૦૦ અને નીચામાં રૂ.૮૦,૮૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૪૩ વધી રૂ.૮૧,૧૨૭ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૧૬ વધી રૂ.૮૧,૦૧૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૯૪ વધી રૂ.૮૧,૦૪૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ એપ્રિલ વાયદો રૂ.૮૫૩.૪૦ના ભાવે ખૂલી, રૂ.૮.૮૫ વધી રૂ.૮૫૭.૨૫ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૭૫ ઘટી રૂ.૨૪૩.૭૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૬૦ વધી રૂ.૧૯૧ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૪૦ વધી રૂ.૨૫૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૪૬.૮૫ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ વધી રૂ.૧૯૦.૩૦ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૧.૮૦ વધી રૂ.૨૫૨.૧૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૯૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૪૩ અને નીચામાં રૂ.૬,૯૬૫ ના મથાળે અથડાઈ, રૂ.૧૧૯ વધી રૂ.૭,૦૩૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૧૧૪ વધી રૂ.૭,૦૨૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬૬ના ભાવે ખૂલી, રૂ.૪.૮૦ ઘટી રૂ.૧૬૦.૫૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૪.૫ ઘટી ૧૬૧ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૬૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૬૮૦ અને નીચામાં રૂ.૫૮,૪૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૨૦ ઘટી રૂ.૫૮,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૯૧૬.૫૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૫૮૪.૦૮ કરોડનાં અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૦૩૮.૭૬ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૫૯.૭૭ કરોડનાં ૧૯,૮૬૭ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૨૩.૬૧ કરોડનાં ૬૮,૨૫૯ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૬.૨૪ કરોડનાં ૨,૭૨૮ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૩.૮૦ કરોડનાં ૬૯૬ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૬૫૨.૧૧ કરોડનાં ૩,૦૩૪ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૫૧.૮૧ કરોડનાં ૭,૦૬૮ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૬૮ કરોડનાં ૬ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૬૩ કરોડનાં ૧૩૯ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮.૩૮ કરોડનાં ૯૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૭૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૮,૦૬૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૧૫૨ અને નીચામાં ૧૮,૦૫૦ બોલાઈ, ૧૦૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯૩ પોઈન્ટ વધી ૧૮,૧૨૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૩૧૫૨૦.૯૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૪.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૫.૪૦ અને નીચામાં રૂ.૧૪૪.૯૦ ના મથાળે અથડાઈ, રૂ.૫૦.૧૦ વધી રૂ.૧૮૮ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૩૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૮૦ અને નીચામાં રૂ.૫.૯૦ રહી, અંતે રૂ.૧.૯૦ ઘટી રૂ.૬.૨૦ થયો હતો.

સોનું મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૬૮.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૬૫ અને નીચામાં રૂ.૭૬૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૩૨.૫૦ વધી રૂ.૮૮૯ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૦ અને નીચામાં રૂ.૭૧૧ રહી, અંતે રૂ.૧૩૯ વધી રૂ.૮૮૫.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૫૫ વધી રૂ.૨,૬૪૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૮૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૪૫૯ના ભાવે ખૂલી, રૂ.૨૩૮ વધી રૂ.૨,૫૩૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૬.૯૦ વધી રૂ.૨૬૪ નેચરલ ગેસ-મિની મે રૂ.૧૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ ઘટી રૂ.૬.૩૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૦ અને નીચામાં રૂ.૧૫૬.૨૦ ના મથાળે અથડાઈ, રૂ.૬૧.૪૦ ઘટી રૂ.૧૬૨ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૯.૫૦ અને નીચામાં રૂ.૬.૮૫ રહી, અંતે રૂ.૧.૬૦ વધી રૂ.૯.૨૫ થયો હતો. સોનું મે રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૦.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪૪.૫૦ અને નીચામાં રૂ.૪૦૫.૫૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧ ઘટી રૂ.૪૫૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૬ અને નીચામાં રૂ.૭૩૦ રહી, અંતે રૂ.૧૭૮ ઘટી રૂ.૭૮૬ થયો હતો. ચાંદી જૂન રૂ.૮૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૪૭ના ભાવે ખૂલી, રૂ.૧૭૦ ઘટી રૂ.૧,૭૨૮.૫૦ થયો હતો.

લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં સરેરાશ ૬૫ ટકા મતદાન

UPમાં સૌથી ઓછું મતદાન તો ત્રિપુરામાં થયું બમ્પર વોટિંગ

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલ (શુક્રવાર)ના રોજ થયું હતું. બીજા તબક્કામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું છે. ત્રિપુરામાં સૌથી વધુ ૭૪ ટકા જેટલું મતદાન થયું છે. બિહાર અને ઉત્તરપ્રદેશમાં સૌથી ઓછું મતદાન થયું છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોના મતદારો ૮૮ બેઠકો પર ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. બીજા તબક્કામાં જે ૮૮ બેઠકો પર મતદાન થઈ થયું તેમાંથી ભાજપ પાસે અડધાથી વધુ એટલે કે ૫૨ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પાસે ૨૨ બેઠકો છે.આ દરમ્યાન પશ્ચિમ બંગાળમાં ફરીથી ચૂંટણીની વચ્ચે હિંસાના સમાચાર સામે આવ્યા છે. અહીં ભાજપ અને ટીએમસીના કાર્યકર્તા વચ્ચે મારપીટ થઈ હતી. પશ્ચિમ બંગાળમાં સાંજના ૫ વાગ્યા સુધી ૭૨ ટકા મતદાન નોંધાયું છે. તો વળી યૂપીમાં ૫૨.૬૪ ટકા, રાજસ્થાનમાં ૫૯ ટકા, મણિપુર અને ત્રિપુરામાં ૭૬ ટકા, મહારાષ્ટ્રમાં ૫૩.૫૧ ટકા, બિહારમાં ૫૩ ટકા, છત્તીસગઢમાં ૭૨ ટકા, આસામમાં ૭૦.૬૬ ટકા, મધ્ય પ્રદેશમાં ૫૫ ટકા વોટીંગ નોંધાયું છે. તો વળી ગૌતમબુદ્ધ નગરમાં સાંજના ૫ વાગ્યા સુધીમાં ૫૧.૬૬ ટકા મતદાન થયું છે. તો વળી નોઈડામાં ફક્ત ૪૫.૬૦ ટકા મતદાન નોંધાયું છે. દેશના ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૮૮ લોકસભા સીટો પર આજે બીજા તબક્કાનું મતદાન -/પ્લટે ઝ્પ્લટ. તેની સાથે સાથે મણિપુર લોકસભા મત વિસ્તારમાં પણ મતદાન થયું છે. આજે કેરલમાં તમામ ૨૦ સીટો, કર્ણાટકની ૧૪, રાજસ્થાનની ૧૩, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની ૮-૮, મધ્ય પ્રદેશની ૬, આસામ અને બિહારમાં ૫-૫, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ૩-૩, ત્રિપુરાની ૧ અને જમ્મુ કાશ્મીરની બંને લોકસભા સીટો પર મતદાન થયું.

ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીએ લોકસભા ચૂંટણી ના બીજા તબક્કા માટે મતદાન કરવા માટે અમરોહાના એક મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા. મતદાન કર્યા બાદ મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું, હું માત્ર એટલું કહેવા માંગુ છું કે દરેક નાગરિકને પોતાનો મત આપવાનો અને તેમની પસંદગીની સરકારને પસંદ કરવાનો અધિકાર છે. મારા માટે ગર્વની વાત છે કે પીએમ મોદીએ તેમના ભાષણ દરમિયાન મારું નામ લીધું અને મારી રમતની તથા મારી પ્રશંસા કરી.

બીજા તબક્કામાં કેરળની તમામ ૨૦ બેઠકો ઉપરાંત કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો, રાજસ્થાનની ૧૩ બેઠકો, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, છત્તીસગઢની બેઠકો પર મતદાન યોજાયું. આ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં ત્રણ-ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક પર મતદાન યોજાયું. પીએમ મોદીએ એક્સ પર લખ્યું છે કે, બીજો તબક્કો ઘણો સારો રહ્યો છે. ભારતભરના લોકોનો આભાર જેમણે આજે મતદાન કર્યું છે. એનડીએને જે અભૂતપૂર્વ સમર્થન મળી રહ્યું છે તે વિપક્ષોને વધુ નિરાશ કરશે. મતદારો એનડીએનું સુશાસન ઈચ્છે છે. યુવા અને મહિલા મતદારો એનડીએને મજબૂત સમર્થન આપી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૫ વાગ્યા સુધીમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ૫૩% મતદાન થયું છે જે આજની મતદાન પ્રક્રિયમાં સૌથી ઓછું મતદાન ગણવામાં આવે છે. જ્યારે ત્રિપુરામાં ૭૬.૨૩% મતદાન થયું છે. જે આજના માટેનું સૌથી વધુ મતદાન ગણવામાં આવે છે. અત્રે જણાવીએ કે,આજની મતદાન પ્રક્રિયામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, શશિ થરૂર અને હેમા માલિનીની બેઠક પર પણ મતદાન થયું છે. લોકસભા સ્પીકર ઓમ બિરલા અને ૫ કેન્દ્રીય મંત્રીઓ તેમજ ૨ પૂર્વ મુખ્યમંત્રી સાથો સાથ ૩ ફિલ્મ સ્ટાર ચૂંટણી મેદાને છે. બેંગલુરુના આનેકલમાં પોલિંગ બૂથ પાસે હંગામો થયો હતો. અહીં કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ થઈ હતી. જો કે ઘટના બાદ થોડીવારમાં જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક કાર્યકર્તા અહીં બૂથની બહાર વોટ માંગવા આવ્યા હતા. જે બાદ ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ એકબીજા સાથે અથડાયા હતા.

કેરળના પલક્કડ જિલ્લાના ઓટ્ટાપલમમાં મતદાન બાદ એક વૃદ્ધનું મોત થયું હતું. આ ઉપરાંત રાજસ્થાનના ભીલવાડામાં પણ ૭૫ વર્ષીય એક વૃદ્ધને ચક્કર આવતા નીચે પડી ગયા હતા. આ પછી લોકો તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા હતા, પરંતુ સારવાર પહેલા જ વૃદ્ધનું મૃત્યું થયું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વૃદ્ધનું નામ છગનલાલા વાઘેલા જાણવા મળ્યું હતું.

ઉત્તર પ્રદેશના હાપુડમાં પોલિંગ બૂથની બહારથી નકલી સીબીઆઈ ઈન્સ્પેક્ટરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના ડ્રેસમાં એક કારમાં આવેલા નકલી ઈન્સ્પેક્ટર પોતાને ચૂંટણી ફરજ પર તૈનાત હોવાનો દાવો કરી રહ્યો હતો. પરંતુ જ્યારે સ્થળ પર હાજર અધિકારીઓને તેના પર શંકા ગઈ અને તેની પૂછપરછ કરી તો સમગ્ર ઘટનાનો ખુલાસો થયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધરપકડ કરાયેલા વ્યક્તિનું નામ અંકિત જાણવા મળ્યું છે. તેની કારના આગળના ભાગમાં ઉત્તર પ્રદેશ સરકાર લખેલું છે. અને તેની પાસેથી નકલી આઈડી કાર્ડ મળી આવ્યું છે, જેને બતાવીને તે મતદાન મથકની તપાસ કરવા જઈ રહ્યો હતો.

ભારત-પાક.ની મેચમાં રીશી આરોઠેએ રાજકોટમાં ફેક ટિકિટ વેચ્યાનો ઘટસ્ફોટ

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા.૨૬

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કોચ તથા પૂર્વ ક્રિકેટર એવા તુષાર આરોઠેના નિવાસસ્થાનેથી રૂપિયા ૧.૩૯ કરોડ રોકડા મળી આવ્યાની બનેલી ઘટના બાદ તેના મહાઠગ દિકરા રીશી આરોઠેના કરતૂતો બહાર આવતા પુનઃ નાસતો ફરતો હતો. વડોદરા પોલીસે તેને ગોવાની એક હોટલમાંથી પકડી પાડ્યો છે. તેની પ્રાથમિક પૂછપરછ કરતાં તેણે ભારત – પાકિસ્તાનની મેચ ટાણે રૂપિયા ૨૧ લાખની ફેક ટિકિટો રાજકોટના ક્રિકેટ રસીયાને વેચી હોવાનું બહાર આવ્યુ છે. આ ઉપરાંત ૧.૩૯ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા, તે સારંગપુર મંદીરના સીએને ઝાંસામાં લઈને તેની સાથે કરેલી છેતરપિંડીની રકમ હોવાનું પણ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત વલસાડમાં પણ ક્રિકેટ રમાડવાના બહાને રૂપિયા ૭૫ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવતાં પોલીસે તેની ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરી દીધી છે. વડોદરાના એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર વિવેક પટેલના જણાવ્યા અનુસાર ૧.૩૯ કરોડ રોકડાના મામલામાં અગાઉ પૂર્વ રણજી ક્રિકેટર રીશી આરોઠેના પિતા તુષાર આરોઠે સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન રીશી આરોઠેની વિરૂદ્ધમાં વડોદરાના રાવપુરા, માંજલપુર તથા વલસાડમાં અલગ અલગ છેતરપિંડીના કેસ થયા હતા. વડોદરાના રાવપુરા પોલીસ સ્ટેશન તથા વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના કેસમાં વોન્ટેડ રીશી આરોઠેને શોધવા માટે બેંગ્લોર તથા ગોવા ખાતે ટીમ મોકલવામાં આવી હતી. તપાસ દરમિયાન ગોવાની એક હોટલમાંથી તેની ધરપકડ કરાઈ હતી. વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનના કિસ્સામાંથી જામીન પર છૂટ્યા બાદ રીશી આરોઠે ચપળતાથી નાસી છૂટ્યો હતો. વડોદરાથી બેંગ્લોર, ઔરંગાબાદ, ભાપાલ બાદ તેણે ગોવામાં આશ્રય લીધા હતા. ગોવામાં ઈવેન્ટ કંપનીનું કામ કરતો હોવાનું રીશીએ પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યુ હતુ. તેને પકડીને વડોદરા લાવવામાં આવ્યો હતો. જ્યાં રાવપુરા પોલીસ મથકને સુપરત કરવામાં આવ્યો હતો. રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર 'બેંગ્લોરમાં બોલીગ કોચીંગનો કેમ્પ લાગેલ છે, જેમાં આઈપીએલમાં રમતા ખેલાડીઓના કોચ પણ ટ્રેનીંગ આપવા માટે આવવાની છે, જેમાં તારૂ પરફોમન્સ સારૂ હશે તો આઈપીએલમાં રમવાની તક મળી શકે તેમ છે.' આ પ્રકારની લાલચ આપીને રૂપિયા ૫.૨૭ લાખની છેતરપિંડી કરી હતી. પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામે રહેતા મહેન્દ્રકુમાર સનીલાલ બુટ ચંપલનો વેપાર કરતાં વેપારીએ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રીશી આરોઠેના ૧.૩૯ કરોડ રોકડા મળી આવ્યા બાદ તેના થકી છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને અપીલ કરી હતી. આ દરમિયાન રાજકોટ તથા વલસાડમાં તેના કરતૂતોનો ભોગ બનેલાઓએ અરજી કરી છે. જેમાં રાજકોટ ખાતે તો ૨૧ લાખની ફેક ટિકિટનું વિતરણ કર્યુ છે. આ ઉપરાંત વલસાડમાં પણ તેણે ક્રિકેટ રમાડવાના બહાને રૂપિયા ૭૫ લાખની છેતરપિંડી કરી છે.

અમદાવાદમાં એક મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર લાંચ લેતાં રંગે હાથ ઝડપાયાં

અમદાવાદ, તા.૨૬

અમદાવાદમાં એક મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા છે. ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગમાં ફરજ બજાવતા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીને ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ACBએ રંગે હાથ ઝડપી લીધા છે. દર્શના મોદી ગોતામાં આવેલા એક મેડિકલ સ્ટોરમાં તપાસ માટે ગયા હતા અને ત્યાં લાઈસન્સ વગરની દવા વેચાય છે કે નહીં તેની તપાસ કરી હતી. જોકે, મેડિકલ સ્ટોરની માલિક યુવતી નિયમ પ્રમાણે સ્ટોર ચલાવતા હતા. પરંતુ મહિલા ઈન્સ્પેક્ટર કોઈ પણ રીતે રૂપિયા પડાવવા ઈચ્છતા હતા તેથી તેમણે દવાના પ્રિસ્ક્રિપ્શનની નોંધ કેમ નથી કરી તેમ કહીને એક લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જોકે, રકઝકના અંતે ૩૦,૦૦૦ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. મહિલા અધિકારીએ મેડિકલ સ્ટોરના ગલ્લામાંથી ૧૦ હજાર રૂપિયા લઈ લીધા હતા અને બાકીના ૨૦ હજાર રૂપિયા ઓફિસ આવીને આપી જવાનું કહ્યું હતું. મેડિકલ સ્ટોર ચલાવતી યુવતીએ તેની જાણ ACBને કરી હતી. તેથી ACBએ તાત્કાલિક છટકું ગોઠવીને ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીને તેમની ઓફિસમાં લાંચની રકમ સ્વીકારતા રંગે હાથ ઝડપી લીધા હતા.

અમદાવાદમાં રહેતા એક પિતાએ પોતાની દીકરીને પગભર બનાવવા માટે લોન લઈને ગોતા વિસ્તારમાં એક મેડિકલ સ્ટોર ખોલી આપ્યો હતો. યુવતીએ ફાર્મસીનો અભ્યાસ કર્યો હતો અને છેલ્લા અઢી વર્ષથી તે મેડિકલ સ્ટોર ચલાવી રહી હતી. જોકે, રૂપિયા પડાવવા માટે મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદી તેના સ્ટોર પર ગયા હતા. યુવતી પાસે જેટલા ડ્રગ્સનું લાઈસન્સ હતું તેટલી

ગુજરાત મીડિયા ક્લબની પત્રકારોના વેલ્ફેર ફંડ માટે ૧ કરોડની જાહેરાત

એજન્સી દ્વારા

ગુજરાતના પત્રકારોનું હિત ધરાવતી સંસ્થા ગુજરાત મીડિયા ક્લબએ પત્રકારો અને તેમના પરિવાર માટે વેલ્ફેર ફંડની જાહેરાત કરી છે.

ગુજરાત મીડિયા ક્લબે બુધવારે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ક્લબના પ્રમુખ નિર્ણય કપૂરે ૧ કરોડના 'વેલ્ફેર ફંડ'ની દરખાસ્તને મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય ક્લબના પત્રકાર અને તેમના પરિવારના સભ્યો માટે છે. આ બાબતે યોગ્ય વિચાર-વિમર્શ કર્યા બાદ, ક્લબના પ્રમુખ દ્વારા નક્કી કરેલ વેલ્ફેર ફંડની જોગવાઈ કરવા બોર્ડ દ્વારા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

નવા શરૂ કરાયેલા વેલ્ફેર ફંડ હેઠળ, ક્લબ દ્વારા પહેલાથી જ સહાયની શરૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં જ અવસાન પામેલ પત્રકારોના પરિવાર માટે નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી છે. ક્લબ દ્વારા સુરત સ્થિત ટીવી પત્રકાર સ્વર્ગસ્થ શ્રી આનંદ પટ્ટણી અને અમદાવાદ સ્થિત ન્યૂઝ પોર્ટલ સાથે કામ કરતા ન્યૂઝ કેમેરામેન નીતિન ગાયકવાડના પરિવારજનોને એક-એક લાખ રૂપિયાના ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

રિષભ પંત T20 વર્લ્ડ કપમાં બન્યો 'પ્રથમ પસંદ' : રિપોર્ટ

પ્રતિનિધિ દ્વારા

મુંબઈ,તા.૨૯

હવે માત્ર ૪-૫ દિવસની વાર છે અને ત્યારબાદ **T20** વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવશે. ત્યારે સમગ્ર ચર્ચા એ છે કે કયા ખેલાડીની પસંદગી થશે. આ ચર્ચા પહેલા એક વાતની પુષ્ટિ થઈ છે અને દરેક પ્રકારની શંકા હવે દૂર થઈ ગઈ છે, તે છે મુખ્ય વિકેટકીપરની જગ્યા. **IPL** ૨૦૨૪ની શરૂઆત પહેલા અને દરમિયાન ઘણા નામોની ચર્ચા થઈ હતી, પરંતુ હવે એ વાત નિશ્ચિત છે કે રિષભ પંત પાસેથી આ સ્થાન કોઈ છીનવી નહીં શકે. પંતે ગુજરાત ટાઈટન્સ સામેના પ્રદર્શનથી આ વાતની પુષ્ટિ કરી છે.

IPL 22 માર્ચથી શરૂ થઈ તે પહેલા, ભાગ્યે જ કોઈએ વિચાર્યું હશે કે લગભગ એક મહિના પછી, રિષભ પંત મેદાન પર એટલી તાકાત બતાવશે કે તે **T20** વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાના નંબર ૧ વિકેટકીપરની પસંદગી બની જશે. ડિસેમ્બર ૨૦૨૨માં એક ભયાનક અકસ્માતનો ભોગ બનેલો રિષભ પંત લગભગ એક વર્ષ અને ત્રણ મહિના સુધી ક્રિકેટ એક્શનથી દૂર હતો. દરેકનો સવાલ હતો કે શું પંત **IPL** સુધી ફિટ થશે? જો એમ થાય તો, શું તે બેટિંગ અને કિપીંગ બંને કરી શકશે? જો તે આમ કરી શકશે તો શું તે એટલી તાકાત બતાવી શકશે કે તે **T20** વર્લ્ડ કપ માટે દાવો કરી શકશે?

દિલ્હી કેપિટલ્સે અત્યાર સુધી ૯ મેચ રમી છે અને જો કોઈએ આ ૯ મેચોમાં દિલ્હી માટે સૌથી મજબૂત પ્રદર્શન આપ્યું હોય તો તે કેપ્ટન રિષભ પંત છે. આ ૯ મેચોમાં ધીમી શરૂઆત બાદ પંતે ઉપરોક્ત દરેક સવાલના જવાબ આપ્યા છે.

ગુજરાત ટાઈટન્સ સામે પંતે માત્ર ૪૩ બોલમાં અણનમ ૮૮ રનની શાનદાર ઈનિંગ રમી. એટલું જ નહીં, પરંતુ તેણે જે રીતે રન બનાવ્યા અને મેચને ફિનિશિંગ ટચ આપ્યો તે સૌથી મહત્વપૂર્ણ હતું.

પંતની તરફેણમાં બીજું સૌથી મહત્ત્વનું પાસું તેની વિકેટકિપીંગ છે, જેના વિશે સૌથી વધુ શંકા હતી. અકસ્માતમાં પંતના ઘૂંટણમાં સૌથી વધુ ઈજા થઈ હતી. આવી સ્થિતિમાં, તેના માટે આ સૌથી મુશ્કેલ કાર્ય હતું પરંતુ પંતે આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી જબરદસ્ત કિપીંગ કર્યું છે. પંતે ગુજરાત સામે બે શાનદાર કેચ પકડ્યા હતા. આ પહેલા પણ કેટલીક મેચોમાં તેની કિપીંગમાં આ જ ઝડપ જોવા મળી હતી, જેણે કીપિંગ મામલે દરેક પ્રકારની શંકા દૂર દીધી છે.

આ ૨૫ વર્ષીય વિકેટકીપર-બેટ્સમેનની સૌથી મહત્વની વાત કેટલાક આંકડાઓ પરથી સમજી શકાય છે, જે દર્શાવે છે કે પંત શાનદાર ફોર્મમાં છે. **IPL 2024** પહેલા, છેલ્લી ૩ સિઝન પંત માટે બહુ સારી ન હતી. ૨૦૨૦માં તેણે ૧૪ મેચમાં ૧૧૩ના સ્ટ્રાઈક રેટથી ૩૪૩ રન બનાવ્યા હતા. ત્યારબાદ ૨૦૨૧માં તેણે ૪૧૯ રન બનાવ્યા અને ૨૦૨૨માં તેણે ૧૫૧ના સ્ટ્રાઈક રેટથી ૩૪૦ રન બનાવ્યા. હવે તેની વર્તમાન સિઝન સાથે સરખામણી કરો. પંતે અત્યાર સુધી ૯ મેચમાં ૩૪૨ રન બનાવ્યા છે, જે ૨૦૨૨ની સિઝનની ૧૪ મેચોથી વધુ છે. તેનો સ્ટ્રાઈક રેટ ૧૬૧ છે, જે છેલ્લી ૩ સિઝનમાં સૌથી વધુ છે.

એઈમ્સના પાંચ ડોક્ટર્સ કરશે હેલ્થ ચેકઅપ

સીએમ કેજરીવાલ માટે તિહાર જેલમાં મેડિકલ બોર્ડની રચના

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીની તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તબિયત તપાસવા માટે એઈમ્સના ૫ ડોક્ટરોનું મેડિકલ બોર્ડ બનાવવામાં આવ્યું છે. કોર્ટના આદેશ બાદ ૨૩ એપ્રિલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ડૉક્ટર નિખિલ ટંડન મેડિકલ બોર્ડનું નેતૃત્વ કરી રહ્યા છે. આ એ જ ડૉક્ટર છે જેમને તિહાર જેલના ડીજીના પત્ર પર અરવિંદ કેજરીવાલની તબિયત પર દેખરેખ રાખવા માટે એઈમ્સમાંથી પહેલેથી જ નિયુક્ત કરવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલને સોમવાર ૨૨ એપ્રિલથી દરરોજ લંચ પહેલાં ૨ યુનિટ લો-ડોઝ ઈન્સ્યુલિન અને રાત્રે ડિનર પહેલાં ૨ યુનિટ ઈન્સ્યુલિન આપવામાં આવી રહ્યું છે. અરવિંદ કેજરીવાલ હજુ સુધી મેડિકલ બોર્ડને મળ્યા નથી. ટૂંક સમયમાં મેડિકલ બોર્ડની ટીમ તિહાર જેલમાં જઈને કેજરીવાલનું ચેકઅપ કરી શકે છે.તિહાર જેલના ડોકટરો દરરોજ અરવિંદ કેજરીવાલનું શુગર લેવલ ચેક કરે છે અને તેમની દેખરેખ રાખે છે. સીએમ કેજરીવાલને કોર્ટના આદેશ મુજબ માત્ર ઘરે બનાવેલું ભોજન આપવામાં આવી રહ્યું છે. હાલમાં અરવિંદ કેજરીવાલની તબિયત સારી છે.આમ આદમી પાટીના નેતા સંજય સિંહે ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાને પત્ર લખ્યો હતો. તેમણે આ પત્રમાં કહ્યું કે તિહાર જેલ અરવિંદ કેજરીવાલ માટે ટોર્ચર રૂમ બની ગઈ છે.સંજય સિંહે આ પત્રમાં કહ્યું છે કે તેમને સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે વડાપ્રધાન કાર્યાલય ચોવીસ કલાક કેજરીવાલ પર નજર રાખી રહ્યું છે. એવું લાગે છે કે કોઈ મોટા જાસૂસ સીએમ કેજરીવાલની જાસૂસી કરી રહ્યા છે. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે કેજરીવાલને ૨૩ દિવસ સુધી ઈન્સ્યુલિન આપવામાં આવ્યું ન હતું. શું દિલ્હીની જનતાની સેવા કરવી એ કેજરીવાલનો ગુનો છે? તેની સાથે આ અંગત દુશ્મની શા માટે? શું તમે વિપક્ષના નેતાનો જીવ લઈને ખતમ કરવા માંગો છો? મને દુઃખ છે કે આ બધું પીએમઓ અને એલજીની દેખરેખમાં થઈ રહ્યું છે.

વોલોફિનઃ ઉદ્યોગનું પ્રથમ પ્લેટફોર્મ જે SMEs ની નિકાસ વૃદ્ધિને ઉત્તેજીત કરે છે

એજન્સી દ્વારા

વોલોફિન, એક પ્રકારનું ફિનટેક પ્લેટફોર્મએ, નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જે ૩૨. ૧,૦૦૦ કરોડની સમકક્ષ ફાઇનાન્સ્ડ રીસીવેબલ્સ (પ્લેટફોર્મ વોલ્યુમ) માં **$ 100** મિલિયનને વટાવી ગયું છે.

ઈન્વોઈસ અને સપ્લાય ચેઈન ફાઈનાન્સિંગ ડોમેન્સમાં એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરતું ઉદ્યોગનું પ્રથમ ફિનટેક પ્લેટફોર્મ સમૃદ્ધ થઈ રહ્યું છે, જે ૩૫-૪૦% મહિના-દર-મહિના અને ક્વાર્ટર-દર-ક્વાર્ટરનો પ્રભાવશાળી વૃદ્ધિ દર દર્શાવે છે.રોશન શાહ અને આનંદ તિવારી દ્વારા ૨૦૨૦ માં સ્થપાયેલ, વોલોફિનની કલ્પના ભારતમાં ટ્રેડ ફાઇનાન્સના અંતરને દૂર કરવા અને **SMEs,** ખાસ કરીને નિકાસકારોને ટેકો આપવા માટે કરવામાં આવી હતી. ત્યારથી, કંપની તેમની વૃદ્ધિને વેગ આપવા અને સુલભ અને પરિવર્તનક્ષમ ધિરાણ વિકલ્પો પ્રદાન કરીને ટિયર-૨ શહેરોમાં

તેમના વિસ્તરણને આગળ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.વોલોફિન એક સાચા સંશોધક અને વિભેદક છે; તે એક મલ્ટિ-લેન્ડર પ્લેટફોર્મ છે જે બેંકો અને ઉધાર લેનારાઓ બંને માટે એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. ઉત્પત્તિ, સંભવિત ગ્રાહકોનું ઓનબોર્ડિંગ, અને સપ્લાયર અને ખરીદનારની હામીદારીથી લઈને લેણદેણ આકારણી, ઉધરાણી અને વીમા સાથે ક્રેડિટ રેપ સુધી, પ્લેટફોર્મ તમામ અભિન્ન પ્રક્રિયાઓને એકીકૃત રીતે સુવિધા આપે છે. વધુમાં, તે કોલેટરલ-ફ્રી ફાઈનાન્સિંગ પ્રદાન કરે છે, એક શ્રેષ્ઠ વર્ગની માલિકીનું ટેક પ્લેટફોર્મ ધિરાણકર્તાઓ/બેંકોને સંપૂર્ણ-સ્ટેક સપ્લાય ચેઈન સોલ્યુશન્સ ઓફર કરે છે, અને ખરીદદારના બિન-ચુકવણીના જોખમ સામે સપ્લાયરોનું રક્ષણ પણ કરે છે.વોલોફિનએ વિવિધ ઉદ્યોગો (કાપડ, ફૂટવેર, ફાર્મા, કૃષિ, હેન્ડીક્રાફ્ટ્સ, ઘરગથ્થુ ચીજવસ્તુઓ, એન્જિનિયરિંગ ઉત્પાદનઓ, ધાતુઓ વગેરે)માં ઘણા ભારતીય નિકાસકારોને ઉચ્ચ વ્યાપાર વૃદ્ધિ હાંસલ કરવા, નવા ઓર્ડર મેળવવા, ખરીદદારના ડિફોલ્ટ જોખમને દૂર કરવા, નવી ભૌગોલિક ક્ષેત્રોમાં વિસ્તરણ, વધતી જતી ઉત્પાદન ક્ષમતા વગેરેની સુવિધા આપી છે, જે કોલેટરલ વિના વેપાર ધિરાણની સરળ અને ઝડપી એક્સેસ પ્રદાન કરે છે.

ટાટા મોટર્સ ઈનોવેશનને ગતિ આપે છે : ૨૦૨૪માં વિક્રમી ૨૨૨ પેટન્ટ્સ નોંધાવી અને ૩૩૩ ગ્રાન્ટ્સ સંરક્ષિત કરી

એજન્સી દ્વારા

ભારતની અગ્રણી વાહન કંપની ટાટા મોટર્સ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન વિક્રમી ૨૨૨ પેટન્ટ્સ અને ૧૧૭ ડિઝાઈન એપ્લિકેશન્સ ફાઈલ નિર્માણ કરવા સાથે બૌદ્ધિક સંપદા અધિકાર (આઈપીઆર) નિર્મિતીમાં નોંધપાત્ર સિદ્ધિ ફરી એક વાર હાંસલ કરી છે, જે તેના ઈતિહાસમાં સર્વોચ્ચ છે. આ ફાઈલિંગ્સમાં બહુઆયામી પ્રોડક્ટ અને પ્રોસેસ ઈનોવેશન્સનો સમાવેશ થાય છે, જે કનેક્ટિવિટી, ઈલેક્ટ્રિફિકેશન, સસ્ટેનેબિલિટી અને સેફ્ટી (સીઈએસએસ) જેવા મુખ્ય ઓટોમોટિવ મેગાટ્રેન્ડ્સને પહોંચી વળવાનો સમાવેશ થાય છે. તે પાવરટ્રેન, બોડી એન્ડ ટ્રિમ, સસ્પેન્શન, બ્રેક્સ, એચવીએસી અને એમિશન કંટ્રોલ જેવી વિવિધ વાહનની પ્રણાલીઓને પણ આવરી લે છે. ટાટા મોટર્સને આ જ સમયગાળામાં ૩૦૦ પેટન્ટ્સની આજ સુધીની સૌથી વધુ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે, જે સાથે ગ્રાન્ટ કરેલી તેની પેટન્ટ્સ ૮૫૦ સુધી પહોંચી છે.

એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા, સ્વચ્છ પાવરટ્રેન્સ, ડિઝાઈન કનેક્ટિવિટી અને બુદ્ધિશાળી સલામતી સુવિધાઓ માટે ટાટા મોટર્સની મજબૂત પ્રતિબદ્ધતા એ સુનિશ્ચિત કરે છે કે તેની નવીનતાઓ વાસ્તવિક દુનિયાની જરૂરિયાતો સાથે એકીકૃત રીતે સંરેખિત છે. ગ્રાહકોની સુખાકારી અને પર્યાવરણીય કાજ પ્રત્યે કામને અગ્રતા આપીને કંપનીના હેતુપૂર્ણ સંશોધન અને ઈનોવેશન પ્રયાસોએ વધુ કાર્યક્ષમ, હરિત અને સુરક્ષિત વાહનો ઊપજાવ્યાં છે, જેનાથી અંતિમ ઉપભોક્તાઓને લાભ થશે અને ઉદ્યોગમાં પરિવર્તન આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ટાટા મોટર્સને બૌદ્ધિક સંપદા અધિકાર (આઈપીઆર)માં તેની ઉત્કૃષ્ટતા માટે વૈશ્વિક પ્રતિષ્ઠિત માન અને સન્માન પ્રાપ્ત થયા છે.આ સિદ્ધિ વિશે બોલતાં ટાટા મોટર્સના પ્રેસિડેન્ટ અને ચીફ ટેકનોલોજી ઓફિસર રાજેન્દ્ર પેટકરે જણાવ્યું હતું કે, "ટાટા મોટર્સની સંશોધન અને ઈનોવેશન પ્રત્યે મજબૂત કટિબદ્ધતાએ બૌદ્ધિક સંપદા થકી ઈનોવેશન અને મૂલ્ય નિર્મિતીમાં નવી ઊંચાઈએ લઈ જવામાં અમને મદદ કરી છે. વિક્રમી સંખ્યામાં પેટન્ટ ફાઈલ અને ગ્રાન્ટ સાથે અમે ઓટોમોટિવ ઉત્કૃષ્ટતામાં નવો દાખલો બેસાડ્યો છે. અમારી અત્યાધુનિક ટેકનોલોજીઓ, હરિત વાહનો અને ગ્રાહકલક્ષી અભિગમે અમને ઉદ્યોગમાં અલગ તારવ્યા છે. મોબિલિટીની ઉત્ક્રાંતિ તરીકે ટાટા મોટર્સ બધા માટે વધુ સ્માર્ટ, વધુ કનેક્ટેડ ભવિષ્યને આકાર આપવા માટે આગેવાન રહી છે.''

દસલાણા ખાતે ૧૧૧ ફુટ ઉંચા હનુમાનજીની પ્રતિમાના સાનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

દસલાણા,તા.૨૯

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના દસલાણા એસકેએચ રેસિડેન્સી ખાતે આવેલા ૧૧૧ ફુટ ઉંચા હનુમાનજીની પ્રતિમાના સાનિધ્યમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે મારૂતી યજ્ઞ, હનુમાન ચાલીસા પાઠ, ભગવાન શ્રી રામ વંદના, મહા આરતી, છપ્પન ભોગ અન્નકુટ, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

શાસ્ત્રોક્ત વિધી સાથે મારૂતી યજ્ઞ કરવામાં આવ્યો અને ૧૧ વ્યક્તિઓએ પુજનનો લાભ લીધો હતો.

હનુમાનજીને વિશેષ માળા અર્પણ કરવામાં આવી હતી. ભક્તો દ્વારા હનુમાનજીના પ્રિય ભગવાન શ્રી રામની વંદના કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સત ક્રિષ્ના સ્કૂલનાં બાળકો દ્વારા નાનાની પ્રતિભા અને ઉત્સાહનું પ્રદર્શન કરવામાં આવ્યું અને હનુમાનજીના ૧૦૮ નામોથી શણગારેલા બાળકોએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

યુગધારા જીજ્ઞેશકુમાર પંચાલે હનુમાન જયંતિના મહત્વ પર કળિયુગના સાક્ષાત દેવ અને ઉત્સવને રાષ્ટ્રીય ભક્તિ સાથેનું જોડાણ વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્ણાહૂતિમાં પરંપરાગત છપ્પન ભોગ અન્નકુટ ભગવાન હનુમાનજીને અર્પણ કરવામાં આવ્યો અને તમામ ભક્તોને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમોનું સમાપન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મયુરભાઈ, પ્રવીણભાઈ, એસકેએચ રેસિડેન્સી ગ્રુપ, શ્રી રામ ઈન્ફ્રા પ્રા.લિ., માં રૂપેણ હોટલના કૌશિકભાઈ અને સમીર શુકલા, સત ક્રિષ્ના સ્કૂલ સહિત દસલાણાના ભક્તો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ પેંગ્વિન દિવસ'ની ઉજવણી

દર વર્ષે ૨૫ એપ્રિલે 'વિશ્વ પેંગ્વિન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે ગુજરાત સાયન્સ સિટી ખાતે પણ 'વિશ્વ પેંગ્વિન દિવસ'ની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીના સ્ટાફ તેમજ પોપ્યુલરાઈઝેશન વિભાગ સહિતના અન્ય સ્ટાફના સભ્યોને પેંગ્વિન વિશે માહિતગાર કરવામાં આવ્યા. જેમાં તેમને આફ્રિકન પેંગ્વિન, નોર્ધન રોકહોપર પેંગ્વિન, કિંગ પેંગ્વિન, યેલ્લો આઈડ પેંગ્વિન, ચિન સ્ટ્રેપ પેંગ્વિન, ઓસ્ટ્રેલિયન લિટ્લ પેંગ્વિન સહિતના વિવિધ પેંગ્વિન વિશે અને તેમના રહેણાંક વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી. ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીમાં



રાખવામાં આવેલા પાંચ પેંગ્વિનની દેખરેખ રાખતા કર્મચારીઓ દ્વારા આ માહિતી આપવામાં આવી. આ ઉપરાંત તમામ સહભાગી કર્મચારીઓને પેંગ્વિનના સંરક્ષણ અંગેની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીમાં વિવિધ પ્રજાતિની માછલીઓ અને જળચર જીવો સાથે પાંચ સાઉથ આફ્રિકન પેંગ્વિન પણ છે.

આધુનિક યુગના નાણાંકીય ફ્રોડ્ઝ સામે જાગૃતિ ફેલાવવા માટે બેંક ઓફ બરોડાનું કુણાલ રોય કપૂર સાથે પેહચાનકૉન ૩.૦ કેમ્પેન

એજન્સી દ્વારા

દેશની જાહેર ક્ષેત્રની અગ્રણી બેંકોમાંથી એક, બેંક ઓફ બરોડા (બેંક)એ આજે તેનું **#PehchaanCon 3.0** બેંકિંગ ફ્રોડ અવેરનેસ કેમ્પેન રિલીઝ કર્યાની જાહેરાત કરી હતી. અગાઉની બે આવૃત્તિઓની સફળતાથી પ્રેરાઈને તાજેતરના કેમ્પેનનો આશય અત્યંત સાવધ ગ્રાહકોને પણ ફસાવવાની ક્ષમતા ધરાવતાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા જનરેટ કરવામાં આવેલાં ડીપફેક સ્કેમ્સ જેવી આધુનિક યુગની નાણાંલક્ષી છેતરપિંડીઓ વિશે જાગૃતિ જગાવવાનો છે.

#PehchaanCon કેમ્પેનના ત્રીજા તબક્કામાં બેંકે એક્ટર કુણાલ રોય કપૂરને દર્શાવતી બે નવી એડ ફિલ્મ્સ પ્રસિદ્ધ કરી છે. માહિતી પીરસતા કન્ટેન્ટ સાથે રમૂજનું તત્ત્વ ઉમેરીને આ વિડિયો અત્યંત ચબરાક અને સાવચેત વ્યક્તિઓ પણ કેવી રીતે છેતરાઈ શકે છે- એ દર્શાવે છે. ઓટીપી માગતા ડિલીવરી એજન્ટનો સ્વાંગ રચીને ઓનલાઈન શોપર્સને નિશાન બનાવીને અથવા તો પરિવારના કોઈ સભ્ય હોવાનો ઢોંગ કરીને વ્યક્તિઓને છેતરવા માટેની અત્યાધુનિક ડીપફેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે અને એ પછી એ માહિતીના આધારે વ્યક્તિના અંગત ડેટાને હેક કરીને ફ્રોડ વ્યક્તિઓ લોકોને છેતરી જાય છે.

બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી લાલસિંહે જણાવ્યું હતું, ''લોકો સાથે ઓનલાઈન ફ્રોડની ઘટનાઓ વર્તમાન સમયમાં સામાન્ય બની ગઈ છે અને તે કાયમ તોળાતું જોખમ બની ગયું છે.

વળી, નવી ટેકનોલોજીના આગમનની સાથે નાણાંકીય ગુના આચરતા ફ્રોડ વ્યક્તિઓની મોડસ ઓપરેન્ડી પણ ઝડપથી બદલાતી રહે છે. આથી, આપણે સૌએ અત્યંત સતર્ક રહેવું અને સંભવિત ફ્રોડ કે કૌભાંડને પારખી લેતાં શીખી જવું અત્યંત જરૂરી થઈ ગયું છે. બેંક ઓફ બરોડાનું પેહચાનકૉન કેમ્પેન ગ્રાહકોના સ્વયં સાવધ રહેવા પર ભાર મૂકે છે, જેથી તેઓ સાઈબર ક્રિમિનલ્સ સામે તેમની મહેનતના પૈસાની સલામતી સુનિશ્ચિત કરી શકે.''

સાધારણ થી શ્રેષ્ઠતા સુધીની યાત્રાઃ IIM અમદાવાદ અને ISB હૈદરાબાદમાં પ્રવેશ મેળવનારા યુવાનોનો સફર

એજન્સી દ્વારા

કેટ પરીક્ષાની તૈયારી માટે **TIME** અમદાવાદ અને સતીશ કુમારની મેન્ટરશીપનું પરિણામ સામે આવ્યું છે, જેમાં ત્રણ યુવાનોએ મોટા જગ્યાઓ પર પ્રવેશ મેળવ્યું છે.

મહાન અને અદ્ભુતઃ વૈભવ પાંડેની IIM અમદાવાદ સુધીની યાત્રા

સાધારણ સમાજ માં જન્મેલા વૈભવ પાંડેનીની યાત્રા ઘણી પ્રેરણાદાયી છે. આપણા દેશના શ્રેષ્ઠ વ્યાપાર પાઠશાળામાં આ વિશેષ સીટ મેળવવાની મોટી ઈચ્છાને પૂરી કરી છે. આ યાત્રા આપણા સમાજમાં ઉત્સાહ અને પ્રેરણાની રૂપરેખાનું ઉદાહરણ બનાવે છે, જે વૈભવ પાંડેના માટે પ્રેરણાદાયી છે. આપણા સમાજમાં એવી આત્મવિશ્વાસની ઉજવણી કરવી જોઈએ કે સાધનાની કોઈ હદ નથી. ફક્ત ૨ મહિનાની મહામહેનત ભરેલી તૈયારી સાથે સોહમે પરીક્ષા આપી અને સતીશ કુમાર ના માર્ગદર્શન નીચે કામિયાબી મેળવી. સોહમની આ પરિશ્રમ અને તૈયારી કામયાબ થઈ અને હવે તે આઈએસબી હાયદરાબાદમાં વ્યવસાય અને વ્યવસ્થા માંથી અભ્યાસ કરવા માટે તૈયાર છે.

સૌરભ મુનેશ્વરઃ IIM અમદાવાદ સુધીની યાત્રા

આઈઆઈટી ગાંધીનગરથી આઈઆઈએમ અમદાવાદની પ્રસિદ્ધ ગલીઓ પર આવતી સૌરભ મુનેશ્વરની યાત્રા અદ્ભુત અને પ્રેરણાદાયી છે. તેની યાત્રા એક પરીણામ છે કે પ્રેરણા અને પ્રત્યુત્તર્જનાનું પ્રમાણ છે. મિકેનિકેલ એન્જીનીરીંગ માં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ૨ વર્ષ કામ કરીને સારો એવો અનુભવ મેળવ્યા પછી બિઝનેસ ની દુનિયા માં મેનેજમેન્ટ રોલ માં ભવિષ્ય બનાવવા માટે મોટું પગલું લઈ અને **CA** માટે તૈયારી કરવાનું નક્કી કર્યું. પરિશ્રમ અને દૃઢતાને સ્પષ્ટ કરે છે. તેની સાધારણપનાં થી **IIM** અમદાવાદ સુધીની યાત્રા પ્રેરણા અને ઉદાહરણ આપી રહી છે કે સફળતા માટે દૃઢ સંકલ્પ અને પરિશ્રમ જરૂરી છે. મેકેનિકલ ઈન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવીને, વૈભવે મારુતિ સુઝુકી લિમિટેડ કંપનીમાં કામ કર્યું, પછી સ્મ્છ કરવા માટે તેની નોકરી છોડી. અને આગળ વધવા માટે દસ મહિનાની મહેનત કરી **IIM** માં સફળતાપુરવક એડમિશન મેળવ્યું

સોહમ દૈલાનીઃ ISB હાયદરાબાદ સુધીની યાત્રા

માધ્યમિક શિક્ષણનો સર્વોત્તમ સ્તર મળીને, સોહમ દૈલાનીની યાત્રા સહુના

ભારત અને યુકેમાં હેલ્થકેરના પરિણામો સુધારવા માટે નવી પાર્ટનરશીપ

ગાય્સ એન્ડ સેન્ટ થોમસના એનએચએસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ધ હિન્દુજા ફાઉન્ડેશન યુકે અને પી.ડી. હિન્દુજા હોસ્પિટલ અને મેડિકલ રિસર્ચ સેન્ટર એ હેલ્થકેરના પરિણામો પર કેન્દ્રિત ટ્રેનિંગ, શિક્ષણ અને સંશોધન ક્ષમતા નિર્માણને આગળ વધારવા માટે નવી યોજનાબદ્ધ પાર્ટનરશીપની ઘોષણા કરી છે. કિંગ્સ કોલેજ લંડન, ગાય્સ એન્ડ સેન્ટ થોમસ અને ધ નેશનલ હેલ્થ એન્ડ એજ્યુકેશન સોસાયટીએ એક મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા જે ભારતના હેલ્થ પ્રોફેશનલ્સને, ક્લિનિકલ અને નોન-ક્લિનિકલ શોર્ટ કોર્સમાં, સંશોધન ક્ષમતા નિર્માણમાં અને એક્ઝિક્યુટિવ એજ્યુકેશનમાં કિંગ્સ એન્ડ ગાય્સ એન્ડ થોમસની ટ્રેનિંગ આપશે અને યુકેના પ્રોફેશનલ્સ સમાન શ્રેષ્ઠ ક્લિનિકલ પ્રથાઓ અપનાવશે. તે ઉપરાંત, હિન્દુજા ફાઉન્ડેશન યુકે તરફથી અલગથી એક મહત્વપૂર્ણ લાભદાયી ભેટ, બાયોમેડિકલ એન્જિનિયરિંગ અને ઈમેજિંગ સાયન્સમાં ભારતના વિદ્યાર્થીઓ માટે પીએચડી અને માસ્ટર્સ સ્કોલરશીપ દ્વારા હેલ્થ એન્જિનિયરિંગ રિસર્ચ અને ક્લિનિકલ ઈનોવેશનને સક્ષમ બનાવશે.આ સંયુક્ત પ્રવૃત્તિઓ સાથે મળીને હિન્દુજા-કિંગ્સ હેલ્થ પાર્ટનર્સ એકેડમીનું નિર્માણ કરશે. હિંદુજા પરિવાર માટે, આ પાર્ટનરશીપ હિંદુજા ગ્રૂપના ભૂતપૂર્વ ચેરમેન, જેમનું ગયા વર્ષે દુઃખદ અવસાન થયું હતું અને જેને પોતાનું મોટાભાગનું જીવન પરોપકાર માટે સમર્પિત કર્યું હતું તેવા સ્વર્ગસ્થ શ્રીચંદ પી. હિંદુજાને સન્માન આપવા માટે છે. કિંગના મહત્વપૂર્ણ સંશોધન, શિક્ષણ અને બાયોમેડિકલ ટેક્નોલોજીઓ, હેલ્થ ડેટા (**AI** સહિત) અને અદ્યતન ઉપચારો પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે, એવી આશા છે કે ભારતમાં હેલ્થકેરના વિકાસને સમર્થન આપવા સાથે, આ પાર્ટનરશીપ આ ક્ષેત્રમાં ગ્લોબલ હેલ્થકેરના પડકારોનો સામનો કરવા માટે નવી ટેક્નોલોજીના વિકાસને આગળ વધારવામાં મદદ કરશે.

ટીવી કલાકારો બોલીવૂડના કલાકારો સાથે મોટા પડદા પર ચમકે છે!

ટેલિવિઝન કલાકારોને તેમની અજોડ શૈલીમાં અદભુત પાત્રોમાં પ્રાણ ફૂંકવા માટે ભરપૂર પ્રેમ અને સરાહના મળ્યા છે. આ સાથે ચાહકો તેમના મનગમતા કલાકારો અને ટીવી કલાકારો પાસેથી વધુ જોવા ચાહે છે અને તેઓ તેમના ચાહકોને વધુ રીઝવવા માટે નવી ઊંચાઈ સર કરે એવું ચાહે છે. તાજેતરના સમયમાં એન્ડટીવીના કલાકારો નેહા જોશી (કૃષ્ણા દેવી વાજપેયી, અટલ), આસીફ શેખ (વિભૂતિ નારાયણ મિશ્રા, ભાભીજી ઘર પર હે) અને યોગેશ ત્રિપાઠી (દરોગા હપ્પુ સિંહ, હપ્પુ કી ઉલટન પલટન)એ બોલીવૂડના સૌથી મોટા કલાકારોને ચમકાવતી ફિલ્મો માટે શૂટિંગ કર્યું હતું.

મોટા પડદા પર મોટા કલાકારો મોટે ભાગે છવાઈ જાય છે ત્યારે વધુ એક પ્રતિભાશાળી કલાકાર યોગેશ ત્રિપાઠી તેની છાપ છોડવા માટે સુસજ્જ છે. તે હાલમાં દરોગા હપ્પુ સિંહની ભૂમિ

ઉનાળામાં ગરમીના કારણે રોડ પીગળી જાય છે. તેના માટે એએમસી દ્વારા રોડ ખરબચડો બનાવી દેવાયો છે જેથી રોડનો ડામર પીગળી ન જાય.

ગુજરાત લોકસભા ચૂંટણી ૨૦૨૪ : ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી હાર્દિક પટેલ ગાયબ : કોંગ્રેસમાં મળ્યું હતું હેલિકોપ્ટર

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૬

૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ અમદાવાદના જીએમડીસી મેદાનમાં પાટીદાર અનામત આંદોલન સમિતિની મહાક્રાંતિ રેલીમાં લાખો લોકો એકઠા થયા હતા. આ લોકોની માંગણી હતી કે પાટીદારો (પટેલોને) ઓબીસીમાં સામેલ કરવામાં આવે અને અનામત આપવામાં આવે. આ રેલીનું નેતૃત્વ અન્ય કોઈ નહીં પણ યુવા નેતા હાર્દિક પટેલે કર્યું હતું. જે તે સમયે માત્ર ૨૨ વર્ષની હતી. આ રેલીએ હાર્દિક પટેલને દેશની લાઈમલાઈટમાં લાવી દીધો હતો. પાટીદાર અનામત આંદોલનની ગુજરાતના રાજકારણ પર એવી અસર પડી કે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ રાજીનામું આપવું પડ્યું. આનંદીબેન પટેલ હાલમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ છે. પટેલ આંદોલન બાદ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.

આ ચૂંટણીમાં ભાજપ ૯૯ બેઠકો સાથે બહુમતી મેળવવામાં સફળ રહ્યું હતું, પરંતુ ત્યાં સુધીમાં હાર્દિક પટેલ રાજયમાં

કોંગ્રેસનો ચહેરો બની ગયો હતો.

એક સમય હતો જ્યારે ગુજરાત કોંગ્રેસે હાર્દિક પટેલને તેના કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા હતા તેમજ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પ્રચાર માટે હેલિકોપ્ટર આપવામાં આવ્યું હતું, પરંતુ બદલાતા સમય સાથે હાર્દિક પટેલ હાલમાં ભાજપમાંથી ધારાસભ્ય છે. પરંતુ હવે સમય પ્રમાણે, ન તો હાર્દિક પટેલમાં એવો જુસ્સો જોવા મળી રહ્યો છે કે ન તો ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા બનાવવામાં આવેલી ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીમાં હાર્દિક પટેલનું નામ પણ સામેલ નથી.

ભાજપે તેના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જેવા રાષ્ટ્રીય નેતાઓ તેમજ ઘણાં સ્થાનિક નેતાઓનો સમાવેશ કર્યો છે. ભાજપની આ યાદીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ, વિજય રૂપાણી, હર્ષ સંઘવી, નીતિન પટેલ, કુંવરજી બાવળિયા અને ગોરધન ઝડફિયા જેવા નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં હાર્દિક પટેલના સહયોગી અલ્પેશ ઠાકોરનું નામ પણ સામેલ છે પરંતુ ભાજપની આ યાદીમાં હાર્દિક પટેલનું નામ સામેલ નથી. આ અંગે ગુજરાતમાં ભારે ચર્ચા ચાલી રહી છે.

ગુજરાત લોકસભા ચૂંટણીમાં સ્ટાર પ્રચારક યાદી અંગે આ બાબતે ભાજપના પ્રવક્તા યજ્ઞેશ દવેએ જણાવ્યું કે જ્યારે હાર્દિક પટેલ ભાજપમાં જોડાયો ત્યારે તે ધારાસભ્ય નહોતો અને હવે તે ધારાસભ્ય છે. ભાજપના દરેક ધારાસભ્ય પાર્ટીના સ્ટાર પ્રચારક છે. તેમણે કહ્યું કે હાલ હાર્દિક પટેલ સુરેન્દ્રનગર લોકસભા બેઠક માટે તેમના વિધાનસભા મતવિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં પ્રચાર કરી રહ્યા છે. યાદીમાં નામ છે કે નહીં તેનાથી કોઈ ફરક પડતો નથી, તેઓ હજુ પણ પ્રચાર કરી રહ્યા છે.

હાર્દિક પટેલનું કહેવું છે કે હું પહેલા મારા વિસ્તારમાં પ્રચાર કરું અને અહીં પાર્ટીને મોટી જીત અપાવવાનો પ્રયત્ન કરું એ સ્વાભાવિક છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે ગુજરાતની ચૂંટણી પછી તેઓ મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા અન્ય રાજ્યોમાં પણ પ્રચાર માટે જઈ શકે છે, પરંતુ તેમની પ્રથમ જવાબદારી ગુજરાતમાં તેમની લોકસભા બેઠક છે.

તમને જણાવી દઈએ કે, હાર્દિક પટેલ પાટીદાર આંદોલન દરમિયાન પોતાના ભાષણને કારણે ચર્ચામાં રહ્યો હતો. ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન તેઓ હેડલાઈન્સમાં રહ્યા હતા, ત્યારે હાર્દિક પટેલ પોતાના ભાષણોમાં કહેતો હતો કે ભાજપ સરકાર સામે અવાજ નહીં ઉઠાવીએ તો ગુલામીનો સમય આવશે. પોતાના ભાષણમાં હાર્દિકે ભાજપ, ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન મોદી પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા હતા. આ કારણે તેમની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો હતો, પરંતુ બદલાતા સમયની સાથે હવે તેઓ આ જ પાર્ટીના ધારાસભ્ય છે.

સુરત કાઈમ બ્રાન્ચ દ્વારા ટેકેદારોના નિવેદન લેવાયા

કોંગ્રેસનું મોટું એક્શન, કુંભાણીને પાર્ટીમાંથી આખરે સસ્પેન્ડ કર્યા

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા.૨૬

હાલ દેશભરમાં સુરત બેઠકની ચર્ચા થઈ રહી છે. આ બેઠક પર ભાજપ બિનહરીફ બન્યું છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ટેકેદારોનો વિવાદ અને બાકીના ૮ અપક્ષ ઉમેદવારો ખસી જતા સુરત બેઠક સીધેસીધી રીતે ભાજપને ફાળે ગઈ છે. જોકે, સુરત લોકસભા બેઠક પર હાઈ વોલ્ટેજ ડ્રામા હજી પણ ચાલી રહ્યો છે. ત્યારે આજે સુરત કાઈમ બ્રાન્ચ દ્વારા ટેકેદારોના નિવેદન લેવાયા હતા. સુરત પોલીસે ચારેય ટેકેદારોની પૂછપરછ કરી હતી.

કુંભાણીના 'ગાયબ' ટેકેદારોનું પોલીસ સમક્ષ વલસાડમાં નિવેદન અપાયું કે, અમારામાંથી એકેયનું અપહરણ થયું નથી. પોલીસને નિવેદન આપી ટેકેદારો ગુજરાત છોડી ગાયબ થયા છે. બધાએ એક સાથે ગુજરાત છોડી દીધું અને મુંબઈ જવા રવાના થયા હતા. જોકે, સમગ્ર કેસમાં ચર્ચાનું કેન્દ્ર બનેલા કુંભાણી હજુ લાપતા છે. આ વચ્ચે સુરત લોકસભાનાં ઉમેદવાર નિલેશ કુંભાણી કોંગ્રેસ પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. કોંગ્રેસે નિલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા છે. કોંગ્રેસ શિસ્ત સમિતિએ લાંબી ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે. પૂરતો સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણીએ કોઈ ખુલાસા કર્યા નથી તેવુ શિસ્ત સમિતિએ જણાવ્યું. સમિતિએ જણાવ્યું કે, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવું એકમ નસીબ ઘટના છે. ફોર્મ રદ થવા અંગે નિલેશ કુંભાણીએ સંપૂર્ણ નિષ્કાળજી દાખવી છે. ભારતીય જનતા પાર્ટી સાથે તેમનું મેરાપીપણું દેખાયું. કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સ્પષ્ટતા માટે સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણી ગાયબ થઈ ગયા. કોંગ્રેસ દ્વારા પ્રેસનોટ જાહેર કરીને જણાવાયું કે, પ્રદેશ કોંગ્રેસ સમિતિની શિસ્ત સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચાના અંતે નીચે મુજબની હકીકતો ધ્યાને લઈને તમને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. તમને કોંગ્રેસ પક્ષે સંસદની ટિકિટ આપી હતી. સૌરાષ્ટ્રના અનેક પાટીદારો તથા અન્ય સૌરાષ્ટ્રના લોકો કે જેઓ સુરત સ્થિત થયા છે તેમના પ્રતિનિધિ તરીકે તમે અવાજ ઉઠાવો તેવી ગણતરી પક્ષની હતી. તમારા ફોર્મને રદ થવાની બાબતમાં તમારી સંપૂર્ણપણે નિષ્કાળજી અથવા ભારતીય જનતા પાર્ટી સાથે તમારું મેળાપીપણું હોવાની પરિસ્થિતિ સ્પષ્ટ દેખાઈ આવી હતી. આમ છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તમે આવીને પૂરી સ્પષ્ટતા કરી શકો અને તમારો પક્ષ રજૂ કરી શકો તે માટે શિસ્ત સમિતિએ તમને સમય આપ્યો હતો. તમો નાટ્યાત્મક રીતે ગાયબ છો અને તમે કોઈપણ જાતનો તમારા પક્ષે ખુલાસો કરેલ નથી, જેથી પક્ષે છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. તમારું ફોર્મ રદ થવું એ અત્યંત કમનસીબ ઘટના છે. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીએ તમામ તંત્રનો દુરુપયોગ કરીને અન્ય પક્ષના ઉમેદવારને લોભ, લાલચ, ભય અને ત્રાસ આપીને બધા જ ફોર્મ પરત ખેંચાવી લઈને લોકશાહીની હત્યા કરી છે. મતદાતાને ચૂંટણી સમયે મત આપવાનો એક પવિત્ર અધિકાર છે. સુરતમાં બનેલ ઘટનાથી લોકોના મત આપવાના અધિકાર ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા તરાપ મારવામાં આવી છે અને લોકશાહીના ઈતિહાસમાં આ ઘટના કલંકિત રીતે કાળા અક્ષરમાં લખાશે. ૧૮ વર્ષની ઉંમરનો થયેલ યુવા મતદાર પ્રથમ વખત લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં મતદાન કરવા થનગની રહ્યો હતો તેને પણ હતાશા પ્રાપ્ત થઈ છે.

આ પ્રકારની પરિસ્થિતિ એ અત્યંત શરમજનક ઘટના છે. આપ જાણતા હશો કે આપ સામે પણ સુરતના લોકો તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને સોશિયલ મીડિયાથી લઈને તમામ સ્થળોએ તમારી સામે ભયંકર રોષ લોકો ઠાલવી રહ્યા છે. નિલેશ કુંભાણી સમગ્ર વિવાદ બાદથી ગાયબ છે. તેમનો સુરતમાં મોટાપાયે વિરોધ યથાવત ચાલી રહ્યો છે. કોંગ્રેસ દ્વારા આજે પણ કુંભાણીનો વિરોધ દર્શાવાયો હતો. શહેરની સિટી બસો પર નિલેશ કુંભાણીના પોસ્ટરો લગાવવામાં આવ્યા છે.

અનેક વિસ્તારમાં વરસાદ પડતા ખેડૂતો ચિંતાતુર

આકરી ગરમીનાં પ્રકોપ વચ્ચે ગુજરાતમાં માવઠું

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં આકરી ગરમીના પ્રકોપ વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં વહેલી સવારના સમયે કમોસમી વરસાદ વરસ્યો છે. જિલ્લા કલેકટર કચેરી તરફથી આજે મતદાન જાગૃતિ સાયકલ રેલીનું આયોજન કરાયું છે. આ રેલીમાં વરસતા વરસાદમાં નીકળી હતી. આ તરફ માવઠાના કારણે ખેડૂતો ચિંતાતૂર બન્યા છે.

આ તરફ તાપી જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. તાપીના વાલોડ, વ્યારા, ડોલવણ સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો છે. વ્યારાના મિશન નાકા, સ્ટેશન રોડ સહિતના કેટલાક વિસ્તારમાં વહેલી સવારે ઝરમર વરસાદ વરસ્યો છે. આકરી ગરમી વચ્ચે વહેલી સવારે ઝાપટુ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જોકે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. માવઠાના કારણે ખેડૂતોના કેરી અને ઉનાળુ પાકને નુકસાન થવાની શક્યતા છે..

આ તરફ સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. ભાવનગરમાં વહેલી સવારના સમયે માવઠુ વરસ્યું છે. ભાવનગર શહેરના ચિત્રા, બોર તળાવ, કુંભારવાડા, દેસાઈ નગર, રાજનગર સહિતના વિસ્તારમાં વહેલી સવારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા અને થોડીવારમાં વરસાદી ઝાપટું વરસ્યું છે. વરસાદી ઝાપટાએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે.

દાહોદનાં વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. વહેલી સવારે કમોસમી વરસાદી ઝાપટું પડ્યું છે. દાહોદ શહેર સ્ટેશન રોડ તેમજ છાપરી, ગલાલિયાવાડ, રળિયાતી રાબડાલ સહિત આસપાસના વિસ્તારમાં ઝાપટું પડ્યું છે.

વલસાડમાં વરસાદી માહોલ જામ્યો છે. પેહલા ધૂમમ્સયુ વાતાવરણ અને ત્યાર બાદ અમી છાંટણા થયા છે. વાતાવરણમાં એકદમ પલટો આવ્યો છે. તીથલરોડ, કોલેજ કેમ્પસ, કચેરી રોડ સહિતના વિસ્તારમાં વરસાદ છે. વરસાદને કારણે ગરમીનો પારો ગગળ્યો છે. વહેલી સવારે થયેલ વાતાવરણમાં પલટાને લઈને અને ખુબજ હળવા વરસાદ બાદ રસ્તાઓ ભીના થયા છે.નવસારી જિલ્લામાં વાતાવરણમાં અચાનક ફેરફાર થયો છે. જિલ્લાના ગણદેવી તાલુકાના વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા છે.

ગણદેવી તાલુકાના બીલીમોરા સહિત વિસ્તાર કાળા ડીબાંગ વાદળોથી ઘેરાયા છે. વરસાદી માહોલને કારણે લોકોને બફારાથી રાહત પરંતુ ગણદેવી સહિતનાં વિસ્તારોમાં કેરી તેમજ ચીકુના પાકને નુકસાનની ભીતિ છે.

રાજ્યના ૯ જિલ્લામાં ઝરમર કમોસમી વરસાદ વચ્ચે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ વરસાદની આગાહી કરી છે. ૨૬ અને ૨૭ એપ્રિલ રાજ્યના કેટલાક જિલ્લામાં હળવા વરસાદનો અનુમાન વ્યક્ત કર્યો છે. અંબાલાલના અનુમાન મુજબ રાજ્યના તમામ ઝોનમાં ઝરમર વરસાદ વરસી શકે છે.

સાબરમતી નદીમાં લીલ જામી ગઈ છે. નદી ખૂબજ પ્રદુષિત થઈ ગઈ છે.

પાલનપુર શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુઃખાવો બની

પાલનપુરમાં ટ્રાફિક સમસ્યા સામે પાલિકાનો એક્શન પ્લાન

પ્રતિનિધિ દ્વારા

પાલનપુર, તા.૨૬

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુઃખાવો બની રહી છે. તંત્રએ ટ્રાફિક સમસ્યા હલ થાય તે માટે એરોમા સર્કલ પાસેના રસ્તા પહોળા કરવાનો એક્શન પ્લાન બનાવ્યો, પંરતુ જેનું અમલીકરણ ન થતા છેલ્લા એક માસથી વાહનચાલકો ભયના ઓથાર હેઠળ માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે.

પાલનપુરમાં તંત્રએ ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે પ્લાન ઘડ્યો પરંતુ આ પ્લાન જ લોકો માટે બન્યો છે માથાનો દુખાવો. વાત છે એરોમા સર્કલ આસપાસના રસ્તા પહોળા કરવાની કામગીરીની.

તંત્રએ ટ્રાફિક સમસ્યા હલ થાય તે માટે એરોમા સર્કલ પાસેના રસ્તા પહોળા કરવાનો એક્શન પ્લાન બનાવ્યો, પંરતુ જેનું અમલીકરણ ન થતા છેલ્લા એક માસથી વાહનચાલકો ભયના ઓથાર હેઠળ માર્ગ પરથી પસાર થઈ રહ્યા છે. લોકોનું કહેવું છે કે, છેલ્લા ૧ માસથી અહીં ખાડા ખોદી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં ન કોઈ બેરિકેડ કે કોઈ અન્ય સેફ્ટી સાધનો પણ નથી મુકાયા. જેના કારણે અકસ્માત સર્જાવાનો ભય રહે છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, આ રસ્તાની બાજુએ લાગી ગલ્લા વાળાના દબાણ કરેલા છે. જે હટાવવામાં આવતા નથી ત્યારે તંત્રની મીઠી નજર હેઠળ સમગ્ર ગેરકાયદે દબાણની છૂટ અપાઈ છે. ત્યારે લોકો પ્રથમ દબાણ હટાવાય અને રસ્તો બનાવવાની કામગીરી ઝડપથી કરવામાં આવે. તો આ મુદ્દે કલેક્ટરનું કહેવું છે કે, એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યા દૂર થાય તે હેતુથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરાયો છે જેમાં ડાબી બાજુએ રસ્તા પહોળા કરાશે જેથી ટ્રાફિક સમસ્યા હલ થશે. આગામી બે માસમાં આ કામગીરી પૂરી થશે.

હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિ.ને નોટિસ પાઠવી

અમદાવાદનાં પાલડીની બ્રહ્મક્ષત્રિય સોસાયટીમાં બેફામ ચાલતી વ્યાપારી પ્રવૃત્તિ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૬

અમદાવાદના પાલડી વિસ્તારની એક સાત દાયકા જૂની સોસાયટી હાલમાં વિવાદોમાં આવી છે. આ સોસાયટીના કેટલાક સભ્યોએ ફરિયાદ કરી છે કે સોસાયટીમાં ઘણા લોકોએ વ્યાપારી પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી છે. આ મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે અને હાઈકોર્ટે આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ને નોટિસ પાઠવી છે. પાલડીમાં આવેલી સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટી ૭૮ વર્ષ જૂની છે. જોકે, આ રહેણાક સોસાયટીમાં ધમધમી રહેલી વ્યાપારી પ્રવૃત્તિઓ અંગે ફરિયાદ થયા બાદ હાઈકોર્ટે AMCને નોટિસ પાઠવી છે. પોતાની અરજીમાં સોસાયટીના રહેવાસી ચેનતા પ્રજાપતિએ હાઈકોર્ટને વિનંતી કરી છે કે તેઓ સોસાયટીમાં ચાલી રહેલી વ્યાપારી પ્રવૃત્તિઓ બંધ કરાવે.

અરજદારના એડવોકેટ અર્ચિત જાનીએ રજૂઆત કરી હતી કે, સોસાયટીની વચ્ચેથી ટીપી રોડ કાઢવામાં આવ્યો હતો જેના કારણે ઘણા બંગલા રસ્તાની સામે આવી ગયા હતા. જેના કારણે ૧૫૯ બંગલાઓમાંથી લગભગ ૪૫ બંગલાનો ઉપયોગ કોમર્શિયલ હેતુ માટે થઈ રહ્યો છે.

આ બંગલામાં દુકાનો, ખાણીપીણી, દવાખાના, હોસ્પિટલ, સુપરમાર્કેટ, બેંક અને બાળકો માટેનું પ્લેગ્રુપ બન્યું છે. હાઈકોર્ટમાં અરજદારના વકીલ દ્વારા એવી પણ દલીલ કરવામાં આવી હતી કે સહકારી મંડળીના કાયદાઓ રહેણાંક સોસાયટીમાં કોઈપણ વ્યવસાયિક પ્રવૃત્તિને મંજૂરી આપતા નથી. કોમર્શિયલ એક્ટિવિટી માટે રહેણાંક સોસાયટીનો ગેરકાયદેસર ઉપયોગ વારંવાર નાગરિક સંસ્થાના ધ્યાન પર લાવવામાં આવ્યો છે.

સોસાયટીના હોદ્દેદારોની દરમિયાનગીરી પણ માંગવામાં આવી હતી, પરંતુ અરજદારના પ્રયત્નોનું કોઈ પરિણામ આવ્યું નથી.

એડવોકેટ અર્ચિત જાનીએ સોસાયટીના સભ્ય ચેનતાબેન વતી હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે, પાલડીની સમસ્ત બ્રહ્મક્ષત્રિય સોસાયટીની સ્થાપના ૧૯૪૬માં કરવામાં આવી હતી જેમાં ૧૫૯ સભાસદો આવેલા છે. સોસાયટીમાંથી ટીપી રોડ પડ્યો હતો અને ત્યારબાદ ૪૫ જેટલા સભ્યોએ તેમના બંગલાનો ઉપયોગ કોમર્શિયલ હેતું માટે શરૂ કર્યો હતો જે તદ્દન ગેરકાયદેસર છે. સોસાયટીના આ સભાસદો દ્વારા ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટની સંબંધિત જોગવાઈઓ, સોસાયટીના બાયલોઝ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓનો સરેઆમ ઉલ્લંઘની કરીને સોસયાટીના બંગલાઓમાં અને તેની જમીન પર દુકાનો, હોટલ, દવાખાનુ, હોસ્પિટલ, સુપરમાર્કેટ, બેંકો, પ્લે ગ્રુપ સ્કૂલ, પાર્લર, કરિયાણાની દુકાન સહિતની કોમર્શિયલ પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી છે.

તેમણે દલીલ કરી હતી કે, ખુદ ગુજરાત હાઈકોર્ટે જ આ મામલે અનેક મહત્વના ચુકાદાઓ આપ્યા છે કે હાઉસિંગ સોસાયટીમાં સહકારી કાયદા હેઠળ ફક્ત રહેણાક માટે જ ઉપયોગ કે વપરાશ થઈ શકે, કોમર્શિયલ હેતું માટે તેનો ઉપયોગ થઈ શકે નહીં.

જોકે, તેમ છતાં હાઈકોર્ટના આ ચુકાદાઓ અને કાયદાકીય જોગવાઈઓનો ભંગ કરીને સોસાયટીના આ ૪૫ જેટલા સભ્યો દ્વારા ખુદ સોસાયટીના જ ચેરમેન-સેક્રેટરી અને AMC સત્તાધીશોની રહેમનજર હેઠળ ગેરકાયદેસર કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે.

એટલું જ નહીં સોસાયટીના પોતાના બાયલોઝમાં પણ આ પ્રકારે કોમર્શિયલ પ્રવૃત્તિઓ પર સ્પષ્ટ મનાઈ ફરમાવવામાં આવેલી છે. જોકે, ટીપી રોડ પડતાં જ અને બંગલા-મકાનો અને પ્લોટ રોડ પર આવી જતાં તેનો ગેરકાયદેસર લાભ ઉઠાવીને સોસાયટીના આ ૪૫ સભ્યો દ્વારા ગેરકાયદેસર રીતે કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

સાબરકાંઠા બેઠક પર ભાજપે મહિલા સંમેલનની શરુઆત કરી

પ્રતિનિધિ દ્વારા

સાબરકાંઠા, તા.૨૬

સાબરકાંઠા લોકસભા બેઠક પર હવે ભાજપ દ્વારા લોકસભા બેઠક વિસ્તારમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલી તમામ સાત વિધાનસભા બેઠક પર અલગ અલગ મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે.

મોટી સંખ્યામાં મહિલાઓ સંમેલનમાં ઉપસ્થિત રહેતા ભાજપે હવે મહીલા શક્તિની રણનીતિ સાથે પ્રચાર ધમધમાટ શરુ કર્યો છેસાબરકાંઠા લોકસભા બેઠક પર હવે ભાજપ દ્વારા મહિલા સંમેલનો યોજવામાં આવી રહ્યા છે. લોકસભા બેઠક વિસ્તારમાં આવેલી તમામ સાત વિધાનસભા બેઠક પર અલગ અલગ મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે.

મોટી સંખ્યામાં મહિલાઓ સંમેલનમાં ઉપસ્થિત રહેતા ભાજપે હવે મહીલા શક્તિની રણનીતિ સાથે પ્રચાર ધમધમાટ શરુ કર્યો છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ દ્વારા હવે મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે.મોટા ભાગના તાલુકાઓને આવરી લેવામાં આવે એ મુજબ અરવલ્લી અને સાબરકાંઠામાં આવેલ તમામ સાત વિધાનસભા બેઠકો પર મહિલા સંમેલન યોજવાની શરુઆત કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યની સ્ટાર મહિલા પ્રચાર સંમેલનમાં મહિલાઓને સંબોધશે. પ્રાંતિજ થી ભાજપે આ પ્રકારી મહિલા સંમેલનની શરુઆત કરતા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ભાજપે સાબરકાંઠા લોકસભા બેઠક પર શિક્ષિત મહિલા ઉમેદવાર તરીકે શોભના બારૈયાને મેદાને ઉતારી છે. શોભના બારૈયા સરકારી પ્રાથમિક શાળાના પૂર્વ શિક્ષિકા છે અને તેમની પસંદગી કરવાને લઈ મહિલાઓમાં ઉત્સાહ હોવાનો ભાજપના મહિલા નેતા રેખા ચૌધરીએ દાવો કર્યો હતો.

મહેસાણા પોલીસ સ્ટેશનના એએસઆઈને લાંચના કેસમાં એક વર્ષની સજા

પ્રતિનિધિ દ્વારા

મહેસાણા, તા.૨૬

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આસિસ્ટંટ સબ ઈન્સ્પેક્ટર (એએસઆઈ) મહેન્દ્રભારથી એસ.બાવાને લાંચના એક કેસમાં કોર્ટે એક વર્ષની સજા, એક હજારનો દંડ અને દંડ નભરે તો ૧૫ દિવસની કેદની સજા ફટકારી હતી. એએસઆઈએ એક ટ્રક ડ્રાઈવરની ટ્રક મોટર વ્હિકલ એક્ટ (એમવી એક્ટ) હેઠળ કબજે લીધી હતી. બાદમાં ફરિયાદીની ટ્રકના ડ્રાઈવર અને ટ્રક છોડાવવા માટે રૂ.૧૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. રકઝકના અંતે તે સમયે ફરિયાદી પાસેથી એએસઆઈએ રૂ.૧,૦૦૦ લીધા હતા અને બીજા રૂ.૧,૦૦૦ બાદમાં આપવા જણાવ્યું હતું. જેમાં ફરિયાદીએ મહેસાણા એસીબીમાં ફરિયાદ નોંધાવતા એસીબીના અધિકારીઓએ જાળ બિછાવીને એએસઆઈ મહેન્દ્રભારથી બાવાની રૂ.૧,૦૦૦ ની લાંચ લેતા ધરપકડ કરી હતી.બાદમાં આ ગુના સંદર્ભે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

વડોદરાની સરકારી શાળાઓ લેબ અને સ્માર્ટ ક્લાસરૂમથી સજ્જ થશે

પ્રતિનિધિ દ્વારા

વડોદરા, તા.૨૬

વડોદરાની સરકારી શાળાઓ હવે **STEM** (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) લેબ અને સ્માર્ટ ક્લાસરૂમથી સજ્જ થઈ રહી છે. વડસરમાં બાબાજીપુરા-૧૯ ડૉ. હંસા મહેતા પ્રાથમિક શાળા અને જાંબુવા ખાતેની બાબાજીપુરા-૨૧ વિનોબા ભાવે પ્રાથમિક શાળા સહિતની બે પ્રાથમિક શાળાઓ ૫૭૨ થી વધુ વિદ્યાર્થીઓ સાથે **STEM** લેબ અને સ્માર્ટ ક્લાસરૂમથી સજ્જ છે.તે એક્સેલરોન દ્વારા પ્રદાન કરવામાં આવ્યું છે, જેણે પહેલ માટે બિન-લાભકારી સંસ્થા **Yuva Unstoppable** સાથે ભાગીદારી કરી છે.

Accelleron, એક અગ્રણી ટેક્નોલોજી સોલ્યુશન્સ પ્રદાતા, તેની સ્થાનિક એન્ટિટી દ્વારા – ટર્બોચાર્જિંગ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ સર્વિસિસ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ એ સરકારી શાળાઓમાં **STEM** લેબ્સ અને સ્માર્ટ ક્લાસરૂમ્સ સેટ કરવા માટે **Yuva Unstoppable** સાથે ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે.

આ પહેલ પરંપરાગત વર્ગખંડોને અત્યાધુનિક **STEM** લેબમાં રૂપાંતરિત કરવા, વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.